




અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

સત્યમેવ જયતે
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

# અવધ ટાઇમ્સ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૧૧-૦૮-૨૦૨૪ રવિવાર

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેકસ: ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,



૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ
૬૧,૯૫૦/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૦૯-૦૮-૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઇવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬



તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ શ્રાવણ સૂદ ૭ વર્ષ : ૨૮ અંક ૩૧૦


### જળસંચયની નવી પધ્ધતીના સ્વપ્રદ્રષ્ટા શ્રી મહેશ કસવાલાનું પ્રથમ પગલું : ક્રાંતિકારી શરૂઆત કરનાર કુંડલાનું ડેડકડી સૌને નવી પ્રેરણા આપશે : શ્રી મહેશ કસવાલા

# ઘરનું પાણી ઘરમાં, જળ સંચય માટે ડેડકડી બનશે મોડેલ ગામ

### સાવરકુંડલા ગ્રામ વિકાસ મંડળ અને ધારાસભ્ય શ્રી મહેશ કસવાલાના સહયોગથી પાણી બચાવવા વિશિષ્ટ અભિયાન

### દરેક ઘરની છત અને ફળિયાનું પાણી જમીનમાં ઉતારાશે : સામુહિક સંકલ્પ

### કુંડલાના કર્મયોગી ધારાસભ્યશ્રી મહેશ કસવાળાના જળ ક્રાંતિના નવા આયામને સાકાર કરવા ડેડકડીની પહેલ






સાવરકુંડલા,

સાવરકુંડલા તાલુકાના ડેડકડી ગામે સાવરકુંડલા તાલુકા ગ્રામ સેવા મંડળ સંચાલીત લોકશાળાના સભાખંડમાં ધારાસભ્યશ્રી મહેશભાઇ કસવાળાની ઉપસ્થીતીમાં ગ્રામસભા મળી. આ સભામાં ડેડકડી ગામના ઘર-ઘરથી નાગરીકોએ હાજરી આપી ''ઘરનું પાણી ઘરમાં ડેલા બહાર નહી'' નો સંકલ્પ લઇ આગામી સમયમાં ઘરે ઘરે રહેણાંક મકાનની પડતર જમીનમાં પાણીના સોસ કુવા બનાવી અગાસી, નેવાનું વહી જતુ વરસાદી પાણી જમીનમાં ઉતારવાનો અને ડેડકડી ગામને વરસાદી પાણી સંગ્રહમાં મોડેલ ગામ બનાવવાનો પણ ગામલોકોએ સામુહીક સંકલ્પ કરેલ છે. આ કામને સફળ બનાવવા માટે શ્રી

(અનુ. પાના નં.૫)

### શિક્ષકો અહીં નોકરી સાથે વિદેશમાં રહેતા હોય તેથી શિક્ષણને અસર

## રાજ્યમાં કામચોરી કરનાર શિક્ષકો સામે કડક પગલા લેવાશે : મંત્રીશ્રી પ્રફુલભાઇ પાનસેરીયા

### રાજ્યભરમાં તપાસ કરવા આદેશ અપાયો અને જરૂરી વિગતો મેળવતા શ્રી પાનસુરીયા

અમરેલી,

તાજેતરમાં એક શિક્ષીકા અમેરીકા ખાતે રહેતી હોવા ઉપરાંત ગુજરાતમાં નોકરી કરતી હોય આ વાત બહાર આવતા ચોકી ઉઠેલા શિક્ષણ તંત્રએ જરૂરી તપાસનાં આદેશ આપ્યા છે. આ



અંગે રાજ્યનાં શિક્ષક મંત્રી શ્રી પ્રફુલ

(અનુ. પાના નં.૫)



























## ભાવભીની શ્રધ્ધાંજલી



**સ્વ. કરણભાઇ ભગવાનભાઇ બારૈયા**
સ્વ.તા. ૮-૮-૨૪ (શ્રાવણ સુદ-૪)
ગુરૂવાર, મુ.જાફરાબાદ

શું આપીએ અંજલી શબ્દો ઓછા પડે છે,
શું આપીએ પુષ્પાંજલી પુષ્પો ઓછા પડે છે,
બોલાવે છે ઈશ્વર જયારે સારા માણસોની તેને ખોટ પડે છે,
પુષ્પની માફક સુગંધ ફેલાવી જીવન એવું જીવી ગયા કે કયારેય
ભુલાય નહીં. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતી અર્પે એજ પ્રાર્થના...

લી.
**બારૈયા જીવાભાઇ જાદવભાઇ**
(પુર્વ જાફરાબાદ તાલુકા પંચાયત સદસ્ય)
સામાજીક કાર્યકર
(હાલ સુરત)

### શ્રી જે.પી.નડ્ડા, શ્રી સી.આર.પાટીલ, મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ, સાંસદ શ્રી પરશોત્તમ રૂપાલા સહિતના આગેવાનોની ઉપસ્થિતિમાં

# રાજકોટ ખાતે ભાજપની હર ઘર તિરંગા યાત્રાનો પ્રારંભ

## દેશના યુવાનો આઝાદીનો સદઉપયોગ કરી અમૃત કાળમા ભારતને ૨૦૪૭મા વિકસીત રાષ્ટ્ર બનાવવા સંકલ્પ કરે : ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જે.પી.નડ્ડા

## વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ સ્વતંત્ર પર્વ જનઆંદોલન બને તે માટે હર ઘર તિરંગા અભિયાનને પ્રેરણા આપી છે : મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ



અમરેલી,ભાજપાદ્વારાઆજથીરાજકોટખાતે હર ઘર તિરંગા યાત્રાનો પ્રારંભ થયો. આ કાર્યક્રમમા કેન્દ્રીયમંત્રીઅનેરાષ્ટ્રીયઅધ્યક્ષશ્રી જે.પી.નડ્ડાજી તેમજ કેન્દ્રીયમંત્રી અને પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજી અને મુખ્યમંત્રીશ્રીભુપેન્દ્રભાઈપટેલતથાસાંસદશ્રી પરશોત્તમ રૂપાલા ની ઉપસ્થિતિમા યાત્રાને પ્રસ્થાન કરાવવામા આવ્યું હતુ.ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે.પી.નડ્ડાએ સંબોધન કરતા જણાવ્યું કે, આજે મને ગુજરાતની તપસ્વી,સંતો,સમાજ સુધારકો,સ્વતંત્ર સેનાનીઓની ભૂમી પર આવવાનુ સૌભાગ્ય મળ્યુછે.દેશનાયુવાનોઆઝાદીનોસદઉપયોગ કરી અમૃત કાળમા ભારતને ૨૦૪૭મા વિકસીત રાષ્ટ્ર બનાવવા સંકલ્પ કરે. મુખ્યમંત્રીશ્રીભુપેન્દ્રભાઈપટેલેસંબોધનકરતા જણાવ્યુંકે,વિશ્વનાલોકપ્રિયનેતાઅનેઆપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએસ્વતંત્ર પર્વ જનઆંદોલન બને તે માટે હર ઘર તિરંગા અભિયાનનેપ્રેરણા આપી છે. આ કાર્યક્રમમા કેન્દ્રીયમંત્રી અને પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજી, રાજયનામંત્રીશ્રીઓ શ્રી રાઘવજીભાઈ પટેલ, શ્રી ભાનુબેન બાબરીયા,પુર્વમુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી,વરિષ્ઠ આગેવાનશ્રી વજુભાઈ વાળા, સાંસદશ્રીઓ શ્રી પરષોત્તમભાઈ રૂપાલા, શ્રી વિનોદભાઈ ચાવડા, શ્રી રામભાઈ મોકરિયા, શ્રી કેસરીસિંહજી, પ્રદેશના ઉપાધ્યક્ષશ્રી ભરતભાઈ બોઘરા, ધારાસભ્યશ્રીઓ શ્રી ઉદયભાઈ કાનગડ, શ્રી રમેશભાઈ ટિલાળા,ડો.દર્શિતાબેન શાહ,ડે.મેયરશ્રી, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી,પ્રદેશ યુવા મોરચાના પ્રમુખશ્રી ડો.પ્રશાંતભાઈ કોરાટ, સહિત પ્રદેશ અને જીલ્લાના આગેવાનો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

### શ્રી ગોવર્ધનનાથજી હવેલી ખાતે

## ડેડાણમાં હિંડોળા દર્શન કાર્યક્રમ યોજાયો

### રંગબેરંગી ફુલો, સુકામેવા, ફ્રુટ, શાકભાજી સહિતનાં હિંડોળાઓના દર્શન



ડેડાણ, (બહાદુરઅલી હિરાણી)

ડેડાણમાં ૧૨૫ વર્ષથી પણ વધારે સમયની પૌરાણીક શ્રી ગોવર્ધનનાથજી હવેલીમાં પવિત્ર શ્રાવણ માસમાંવિશિષ્ટ હિંડોળા દર્શનનુંઆયોજન કરવામાં આવ્યું છે. તેમાં રંગબેરંગી ફુલો. સુકામેવા, ફ્રુટ અને શાકભાજીનાં વિશિષ્ટ હિંડોળાઓ યોજાતા વૈષ્ણવ ભાઈ બહેનો અને શ્રધ્ધાળુઓ દર્શનનો લાભ લઈ રહ્યાં છે. શ્રી ગોવર્ધનનાથજી હવેલી ડેડાણનાં ટ્રસ્ટી વસંતભાઈ દોશી, વજુભાઈ ગોરડીયા, બચુભાઈ સોની તથા તમામ વૈષ્ણવ ભાઈ બહેનો ઠાકોરજીની સેવા કરવામાં તત્પર હોય છે. પીલુબેન રાઠોડ અને તેમની સખીઓ હિંડોળાની શોભા કરવામાં મહત્વનો ફાળો આપે છે.

### સતત વરસાદને કારણે મકાન ગરક થતા

## ધારીનાં ગોપાલગ્રામમાં મોડી રાત્રે મકાન પડતા એકનું મોત

### દબાઇ જતા સારવારમાં પહોંચે તે પહેલા જ રસ્તામાં અંતિમ શ્વાસ લીધા

અમરેલી,

ધારીનાં ગોપાલગ્રામ વિસ્તારમાં સતત વરસાદને કારણ મકાન ગરક થઈ જતા મોડી રાત્રે ધીરૂભાઈ જેઠવાનું મકાનની દિવાલ પડતા કાટમાળમાં શ્રી ધીરૂભાઈ દબાઈ ગયા હતાં અને લોકોએ બહાર કાઢ્યાહતાં.બાદમાંસારવાર માટેલઈજતા રસ્તામાં જ ધીરૂભાઈ જેઠવાએ અંતિમ શ્વાસ લીધા હતાં. મૃતની ઘટનાની જાણ થતા જવાબદાર તંત્રનાં અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતાં અને જરૂરી કાર્યવાહી કરી હતી.

## અમરેલી વિશ્વકર્મા ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ અરૂણભાઈ આદ્રેજાના મોટાભાઈનું નિધન

અમરેલી, (અરવિંદ નિર્મળ) અમરેલી વિશ્વકર્મા ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ અરૂણભાઈ બી.આદ્રેજાના મોટાભાઈ કિશોરભાઈ આદ્રેજાનું ટુંકી બિમારી બાદ તા.૮-૮-૨૪ ગરૂવારના અવસાન થયેલ છે.કનુભાઈના નાના ભાઈ નિમેશભાઈ મોટા ભાઈ થાયસ્વ.કિશોરભાઈ આદ્રેજા સારા ભજનીક હતા. અને હાર્મોનિયમ પણ સારૂ વગાડતા હતા.ટુંકી બિમારી બાદ તેમનું અવસાન થતા ભજન મંડળ અને ગુર્જર સમાજ દ્વારા શ્રધ્ધાજંલિ પાઠવામાં આવી હતી.આદ્રેજા પરીવાર દ્વારા સદગતનું ચક્ષુદાન પણ કરવામાં આવ્યું હતું.

### ઇસ્માઇલી સીવીક ઇન્ડિયા દ્વારા સ્વાતંત્ર્ય પર્વે

## અમરેલીમાં ભવ્ય રક્તતદાન કેમ્પ યોજાશે

### ૭૮માં સ્વાતંત્ર્ય દિને અમરેલી, બાબરા, દિવ, બગસરા, ખાંભા, ઉના, ધારીમાં રક્તદાન કેમ્પ

અમરેલી,આગામી સ્વાતંત્ર્ય પર્વ ૧૫ ઓગષ્ટ નિમિતે ઈસ્માઈલી સીવીક ઈન્ડિયા દ્વારા ભવ્ય રક્તદાન કેમ્પ યોજાનાર છે. તા.૧૫-૮-૨૪ નાં એક સાથે સાત જગ્યાએ રક્તદાન કેમ્પ યોજાશે. જેમાં અમરેલીમાંસવારે ૧૦થી ૨ ખોજાજમાતખાના કમ્પાઉન્ડ કસ્બાવાડ અનેબાબરામાંસવારે ૧૦થી ૨ ખોજાજમાતખાના નાના બસસ્ટેશન પાસે, દિવમાંસવારે ૧૦થી ૨ આસોપાલવ હોલ, બગસરામાંસવારે ૧૦થી ૨ ખોજાકોમ્યુનીટીહોલ અનેખાંભામાંસવારે ૧૦થી ૨ ખોજા જમાતખાના, ઉનામાંસવારે ૧૦થી ૨ ખોજાજમાતખાના લુહાર ચોક અનેધારીમાંસવારે ૧૦થી ૨ ભાઈદાણી કોમ્યુનીટી હોલ નવી વસાહત ધારી ખાતે રક્તદાન કેમ્પો યોજાશે. બહેનો માટે રક્તદાન કેમ્પની અલગ વ્યવસ્થા રાખેલ છે તેમ આયોજકો દ્વારા જણાવાયું છે.


**ચિરાગ સિક્યુરીટી સર્વિસ**
નિવૃત પોલીસ અધિકારીના માર્ગદર્શન નીચે તૈયાર થયેલ શિસ્ત બધ્ધ અને તાલીમ પામેલ આપના કારખાના વેપારના માધ્યમો ઓફિસો અને ફંકશન માટે સીક્યુરીટી ગાર્ડ મળશે.
સંપર્ક : લક્ષ્મણભાઇ બગડા (નિવૃત એએસઆઇ) મો.૯૯૭૯૩ ૫૫૯૫૫

**એમ્બ્યુલન્સ વેચવાની છે**
ટાટા વિંગર મોડલ - ૨૦૧૩ એમ્બ્યુલન્સ વેચવાની છે
તાત્કાલીક ડ્રાઇવર જોઇએ છે
હેવી લાયસન્સ ધરાવતા અનુભવી લોકોએ સંપર્ક કરવો
સંપર્ક : લાઠી મો.૯૦૮૧૨ ૧૧૨૧૧

**દરેક કાર ભાડે મળશે**
સ્પેશિયલ વન-વે ટેક્ષી સર્વિસ
કોઇપણ શહેરથી કોઇપણ શહેરમાં સ્થળથી ઘરે કે, ઘરથી સ્થળ સુધી માત્ર જવા કે આવવા માટે...એક તરફી ભાડામાં તેમજ આપના શુભ પ્રસંગ કે યાત્રા પ્રવાસ માટે...
દરેક ન્યુ બ્રાન્ડ લક્ઝરી કાર અર્ટીગા - ઈનોવા ક્રિષ્ટા કિયા કેરેન્સ - હોન્ડા અમેઝ - હ્યુન્ડાઇ ઓરા - ટેમ્પો ટ્રાવેલર તુફાન - ઇકો વગેરે દરેક A.C.કાર ભાડે મળશે.
પાયલ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
ભાર્ગવભાઇ મહેતા : Mo. 78744 07007 | 95379 71127

**શુધ્ધતામાં શ્રેષ્ઠ સ્વાદમાં સર્વશ્રેષ્ઠ**
પવિત્ર શ્રાવણ માસમાં અવનવી વેરાયટીઓથી ભરપુર ટેસ્ટફુલ
ડ્રાયફ્રુટ શિખંડ, વેનીલા શિખંડ, પાઇનેપલ શિખંડ, એલચી શિખંડ, મેંગો શિખંડ, કેસર શિખંડ, બટર સ્કોચ શિખંડ, સ્ટ્રોબેરી શિખંડ
તેમજ દુધમાંથી બનાવેલી અવનવી મીઠાઇઓનો ખજાનો શુધ્ધ સિંગતેલમાં બનાવેલ તાજુ ફરસાણ
ફરાળી વાનગીઓની વિવિધ રેંજ
અવધ ડેરીફાર્મ
સ્ટેશન રોડ, લક્ષ્મીનારાયણ મંદિર સામે, અમરેલી ફોન : ૨૨૦૦૫૨

**અમરેલી તથા સુરત**
ચકાભાઈ ભેળવાળા ફુડ કોર્ટ
સ્વાદિષ્ટ વિવિધ ટેસ્ટમાં ભેળ,બર્ગર, પીઝા સેન્ડવીચ, વિગેરે અનેક વેરાઈટી
સીટી પોઈન્ટ કોમ્પ્લેક્ષ, મોટા બસ સ્ટેન્ડ સામે,અમરેલી.
મો. ૯૮૨૫૭ ૫૫૬૦૫

**નિલકંઠ યાત્રા**
હરિદ્વાર, ઋષિકેશ, ગોકુળ, મથુરા, આગરા, દિલ્હી
માત્ર રૂા.૫૫૦૦/-
તા.૯-૧-૨૦૨૫
સંપર્ક : મો.૯૭૨૬૫ ૧૭૫૫૭

ઘર જેવું સ્વાદિષ્ટ જમવાનું અમરેલીમાં ફસ્ટનંબર જે તમને સ્વાદિષ્ટ અને સાત્વિક જમવાનું પીરસશે
**શ્રી ગણેશ ડાઈનીંગ હોલ : કેટરર્સ**
સતાધાર કોમ્પલેક્ષ,નાના બસ સ્ટેન્ડ પાસે,અમરેલી
ફો.ઓ.૨૨૧૬૩૩,મો.૯૩૭૭૪ ૪૮૫૩૯

**એલર્જી - શ્વાસ - કફ**
સ્પાયરોમેટ્રી સુવિધા
ડો. ડબાવાલા
ફેફસાના નિષ્ણાંત
અમરેલી. ફો.૨૨૩૦૧૫ (૪૪ વર્ષથી)

હોલસેલ તથા રીટેઈલમાં ખરીદવા માટે
UltraTech CEMENT The Engineer's Choice
સ્ટોકીસ્ટ
ચંદારાણા ડીસ્ટ્રીબ્યુટર્સ
માર્કેટીગ યાર્ડ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૨ ૧૯૬૯૯

**જમીન વેચવાની છે**
હાઇવે ટચ મકાન સાથેની ખેતીની જમીન વેચવાની છે
સંપર્ક : મો.૮૮૪૯૭ ૯૭૮૮૩

મહેશભાઈ રાચચા મો. ૯૪૨૯૫ ૩૯૨૪૧ | કલ્પેશભાઈ રાચચા મો. ૯૪૨૯૫ ૩૯૨૪૨
મિઠાઈ તથા ફરસાણમાં સદાય નવીનતા આપવી એ અમારી પરંપરા
શ્રી ભગવતી સ્વીટ માર્ટ
જુની બજાર, જૈન દેરાસર પાસે, ટાવર રોડ,અમરેલી.
બ્રાન્ચ:- સંઘવી ધર્મશાળા, દુકાન નં. ૨,ક્રિષ્ના પેટ્રોલપંપની બાજુમાં, અમરેલી.

**શુભ પ્રસંગોમાં કેટરીંગ કામ કરી આપીશું**
દરરોજ બપોરે... અલગ અલગ સ્વીટ ■ ફરસાણ ■ ૩ શાક ■ દાળ-ભાત ■ રોટલી ■ છાશ ■ પાપડ ■ સલાડ
દરરોજ સાંજે... ૩ શાક ■ કઢી - ખીચડી ■ રોટલી - રોટલા ■ ભાખરી ■ છાશ ■ પાપડ ■ સલાડ
૧૯૬૮ થી આપની સેવામાં....
જય ખોડીયાર ડાઈનીંગ હોલ
શુધ્ધ કાઠીયાવાડી ભોજનનો રસથાળ
કિશોરભાઈ મો. ૯૯૯૮૪ ૩૯૫૫૦ રઘુવિરભાઈ મો. ૭૦૧૬૪ ૩૨૧૪૬
દુકાન નં. ૭/૮, પહેલો માળ, જુના માર્કેટયાર્ડના ગેઈટ પાસે, અમરેલી

Coca-Cola
જીતુભાઈ પાથર ૯૮૯૮૦ ૫૨૯૭૭ ૯૯૯૮૧ ૧૬૬૬૬
અર્જુન એજન્સીઝ
એડ્રેસ : - ભુતીયા, ચિત્તલ રોડ, અમરેલી.

**ચીરંજીવી હાર્ટ કેર હોસ્પિટલ એન્ડ મેટરનીટી હોમ**
ડો. સ્નેહલ સી.પંડયા MD(Medicine)
ડો.નીશા એસ.પંડયા MD(Gynaec)
Phone H.225531 Mobile.9925426394
કેરીયા રોડ, અમરેલી. e-mail : chiranjivi_amr@yahoo.co.in

AMARON LASTS LONG, REALLY LONG.
મનસુખભાઈ મો. ૯૮૨૪૨ ૨૦૮૬૫ ભાણાભાઈ મો. ૯૪૨૮૯ ૭૦૬૫૨ જગદિશભાઈ મો. ૯૫૭૪૧ ૪૭૪૪૭
પટેલ ટાયર એજન્સી
એમરોન બેટરીના અમરેલી જીલ્લાના ઓથોરાઈડ ડીસ્ટ્રીબ્યુટર
અજમેરા સ્કૂલ બીલ્ડીગ, મોટા બસ સ્ટેશન પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧

**ડો.વિભાબેન વેલાણી ડો.રોમી વેલાણી M.B.B.S**
સ્ત્રિઓ અને બાળકોના ડોક્ટર
સરકારી દવાખાના સામે, બાબરા
નોંધ :- નિ:સંતાન દંપતી સારવાર માટે સજોડે આવે તથા જુના રીપોર્ટ સાથે લાવવા (રવીવારે રજા)
મો.૯૪૨૭૫ ૫૭૭૯૪

**મેટ્રો કન્સલટન્ટ**
(ટેકસ કન્સલટન્ટ)
વ્યાજબી પૈસા ઝડપી કામ
● એકાઉન્ટીંગ ● GST રીર્ટન ● I.T. રીર્ટન
સંપુર્ણ સેવા એક જ જગ્યાએ
માર્કેટયાર્ડ રોડ, હેડ પોસ્ટ ઓફીસની બાજુમાં, હરભોલે પાનની ઉપર, પહેલા માળે, અમરેલી.
મો.૯૩૭૬૬ ૫૮૬૫૨, ૯૩૭૪૨ ૩૦૨૩૧ ફોન: (૦૨૭૯૨) ૨૩૦૨૩૧

**મકાન વેચવાનું છે**
વેસ્ટર્ન પાર્ક સોસાયટી, ચિતલ રોડ, અમરેલી ચામુંડા કૃપા નામનું તમામ સુવિધાવાળુ બે માળનું મકાન (બંગલો) મોકાની જગ્યાવાળુ વેચાણ કરવાનું છે ખરીદ કરવા માંગતા વ્યકિતએ સંપર્ક કરવો
પી.સી.પરમાર (નિવૃત મામલતદાર)
(દલાલ ભાઇઓ આવકાર્ય છે)
સંપર્ક : મો.૯૮૨૫૯ ૦૬૨૧૨

**જાનવી મોબાઇલ એન્ડ કવર હાઉસ**
લેડીઝ સ્ટાફની જરૂર છે
કોમ્પ્યુટરના જાણકારની પહેલી પસંદગી
જાનવી મોબાઇલ એન્ડ કવર હાઉસ
વિજય ચોક, બગસરા
મો.૯૭૨૫૦ ૪૮૧૦૦

**રસોઇઆ બહેન જોઇએ છે**
વડોદરા સ્થિત એક માતાજીના આશ્રમમાં રસોઇઆ બહેન જોઇએ છે
રહેવા - જમવા તથા તેમના બાળકો હોય તો તેમને ભણાવવાની જવાબદારી આશ્રમ લેશે
સંપર્ક : મો.૯૪૨૭૨ ૫૫૮૮૭

**અમરેલીમાં મકાન વેચવાનું છે**
અમરેલીના સુખનાથપરામાં તાત્કાલિક કસમાં પોણા વસાનું 2BHK ટોટલ માર્બલ ફલોરવાળુ Duplex મકાન ફિક્સ ફર્નિચર સાથે વેચવાનું છે
સંપર્ક : ડો.મિહીર ગણાત્રા
મો.૭૦૧૬૮ ૫૬૧૬૮

**ભાડે આપવાની છે**
સત અમર હોટેલ વાળી જગ્યા ભાડેથી આપવાની છે.
સોનાલીકા ટ્રેક્ટરની સામે, સાવન સીમેન્ટની બાજુમાં, લાઠી રોડ, અમરેલી
-:: સંપર્ક ::-
મો.૯૯૨૫૨ ૧૧૬૬૯, ૭૬૦૦૨ ૩૬૬૬૯

**મકાન વેચાવ છે**
અમરેલીમાં ચિતલ રોડ તપોવન પાર્કમાં ઉપર ત્રણ બેડરૂમ, નીચે બેડરૂમ હોલ, કિચન, ફીક્સ ફર્નિચર, મોટુ ફળીયુ, કલર, પીઓપી કરેલ, ત્રણ બાજુ જગ્યા, અંદાજે ૧ વસા જગ્યામાં સંપુર્ણ સગવડતાવાળુ બંગલા ટાઇપ મકાન વેચવાનું છે
સંપર્ક : મો.૮૨૦૦૬ ૩૮૬૨૪

**ભવાની ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ**
A/C તથા NON A/C ગાડી ભાડે મેળવવા માટે વ્યાજબી ભાવમાં બ્રાન્ડ ન્યુ મારૂતી અર્ટીગા (૭ સીટર) મારૂતી સ્વીફટ ડીઝાયર (૪ સીટર)
સંપર્ક :- ખોડાભાઇ મો.૯૮૨૫૪ ૯૦૫૭૦ લાલભાઇ મો.૯૯૨૪૯ ૯૦૫૭૦

**બે માળનું મકાન વેચવાનું છે**
રેલ્વે સ્ટેશન સામે, જીવન મુક્તેશ્વર મંદિર પાસે, સરદાર પટેલ સોસાયટી, અમરેલી
ચાર વસા જમીનમાં, ૨૦૦ ફુટનો દાર, ગેસ કનેકશન સહિત સંપુર્ણ સગવડતા ધરાવતુ બે માળનું મોકાનું મકાન કસમાં વેચવાનું છે
સંપર્ક :- મો. ૯૪૨૯૪ ૧૫૯૮૫

અમરેલીનું ગૌરવ **હોટલ રોયલ ફોરચ્યુન**
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

A.P.C.C.S
માત્ર ૨૦ જ મીનીટમાં.. ફક્ત ૯.૯૦% ના વાર્ષિક વ્યાજદરે અને સરળ પ્રક્રિયા દ્વારા ગોલ્ડલોન
ધી અમરેલી પીપલ્સ ક્રેડીટ કો-ઓપ. સોસાયટી લી. - અમરેલી
''પીપલ્સ ભવન'', ફ્રુટ માર્કેટ
પ્રથમ માળ, ઇન્દીરા શોપીંગ સેન્ટર, અમરેલી
સંપર્ક : (૦૨૭૯૨) ૨૨૦૨૬૪, ૯૪૦૮૫ ૬૨૨૬૪

**જગ્યા વેચાણથી આપવાની છે**
બેંક, હોસ્પિટલ, શો-રૂમ લાયક જગ્યા પહેલો માળ ''અવલકુંજ'' કોમ્પલેક્ષ જુની કેનેરા બેંકવાળી જગ્યા
સ્થળ : લીલીયા રોડ, પટેલવાડીની સામે, અમરેલી
રસ ધરાવતા વ્યક્તિઓ નીચેના નંબર પર સંપર્ક કરો
મો.૯૯૨૫૨ ૨૬૬૩૮, ૬૩૫૩૬ ૪૨૪૯૭

**જય માતાજી પેસ્ટ કંટ્રોલ સર્વિસ**
નિયંત્રણ ઉધઈ
ફ્રક ઈમ્પોર્ટેડ કેમીકલથી ગેરંટી સાથે ઉધઈ ટ્રીટમેન્ટ - હાઇટેક પેસ્ટ કંટ્રોલ સર્વિસ
ઉધઈ-માકડ-વાંદા વગેરે દવા છાંટી આપીશું
અજયભાઈ : ૬૩૫૪૮૬૩૫૭૪ / ૬૩૫૪૯૮૪૨૬૧

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૧૧-૦૮-૨૦૨૪ રવિવાર

# બેન્કોના કરોડો રૂપિયા ગળી જનારાઓ તરફ સરકારનું કુણુ વલણ ક્યાં સુધી છે?

જે રાષ્ટ્રભક્તિની વાત ભાજપ આદિકાળથી કરતો આવ્યો છે તે રાષ્ટ્રભક્તિ ખરેખર કેવી હોય એના બે દ્રષ્ટાન્તો આપણને અનુક્રમે રઘુરામ રાજન અને અરવિંદ સુબ્રહ્મણ્યમમાંથી પ્રાપ્ત થાય છે. તેઓ બન્ને દેશની એવી સેવા કરીને ગયા કે હજુ કેન્દ્રના સત્તાધારીઓને કષ્ટ પડી રહ્યું છે. રઘુરામ રાજન સામે ભાજપને એક જ તકલીફ પડી કે તેમણે નોટબંધીનો ભારપૂર્વક ઈન્કાર કર્યો અને કહ્યું કે આનાથી બ્લેક મની તો બહાર નહિ આવે પણ જે બ્લેક છે એ વ્હાઈટ થઈ જશે અને બજારમાંથી બધા જ બ્લેકમની વ્હાઈટ થઈ જશે તો અટકી જશે અને ઝીણી નજરે જુઓ તો એમ જ થયું છે. કેન્દ્ર સરકારના મુખ્ય આર્થિક સલાહકાર અર્થશાસ્ત્રના આંતરરાષ્ટ્રીય વિદ્વાન છે. તેમણે તેમના સત્તાકાળમાં ટ્વીન બેલેન્સશિટની ફોર્મ્યુલા - બેવડા પાકા સરવૈયાની યોજના અમલી બનાવી. આ ટ્વીન બેલેન્સશિટ દાખલ કરવા તરફનો પ્રથમ સંકેત રઘુરામ રાજને આપ્યો હતો. ખરેખર આ ફોર્મ્યુલા એવી કે જેમાં બેન્ક પાસેથી લોન લેનારા બેન્કના દેવાદારોના ખરાબ સરવૈયાની અસર બેન્કના પાકા સરવૈયા પર થતી હોવાના આગોતરા અણસાર મળી શકે છે. અનેક કંપનીઓની ખરાબ આર્થિક હાલત બેન્કને ખોટમાં લઈ જાય તે સામેની આ એક એકાઉન્ટિંગ એલાર્મિંગ સિસ્ટમ છે જે અરવિંદ સુબ્રહ્મણ્યમે અમલી કરી બતાવી.

જેને કારણે જ દેશમાં અને અબજો રૂપિયાના બેન્ક કૌભાંડો સપાટી પર આવ્યા. સૌથી પહેલા રઘુરામ રાજને બેન્કો માટે ભરપાઈ ન થયેલી લોનો (એનપીએ) માટેના ધારાધોરણોમાં ધરખમ ફેરફારો કરાવ્યા, જેને કારણે બેન્કોના ડૂબતા નાણાં સહુના ધ્યાનમાં આવવા લાગ્યા અને કૌભાંડકાર લોનધારકોના ખાતાઓ અન્ડરલાઈન થવા લાગ્યા. જેને કારણે જે બેન્કો કાયમ તગડો નફો બતાવતી હતી તમામ બેન્કો એકાએક ધરખમ ખોટ બતાવવા માટે મજબુર બની ગઈ. કારણ કે એનપીએ માટે અલગ પ્રોવિઝન કરવાના થયા, જેથી બેન્કોની લોન આપવાની ક્ષમતામાં જ ઘટાડો થયો અને પાછલા વરસોની ખોટ બેલેન્સશિટમાં વિકરાળ સ્વરૂપે ડોકિયાં કરવા લાગી. રઘુરામ રાજન અને અરવિંદ સુબ્રહ્મણ્યમ્ જેવા અર્થશાસ્ત્રીઓને કારણે બહારથી પાટા બાંધીને ઢાંકેલું અંદરનું એકાએક બહાર આવી ગયું.

જેથી નાણાં મંત્રાલય હજુ આજ સુધી બેન્કોની આંતરિક સફાઈમાંથી ઊંચુ આવ્યું નથી. અત્યારે નાણાં મંત્રાલયના ટેબલો પર કૌભાંડ પ્રોત્સાહક બેન્ક અધિકારીઓ સામેની ફાઈલો ફરી રહી છે. દેશમાં સંખ્યાબંધ એવા બેન્ક અધિકારીઓ જોવામાં આવ્યા છે કે જેઓ એ નિયમોમાં બાંધછોડ કરીને યોગ્યતા વિનાની કંપનીઓને બિઝનેસ કરવાને બહાને રૂપિયાની લોન અને ઓવરડ્રાફ્ટ આપેલા છે.

કેટલીક કંપનીઓ તો એટલી હદે બે નંબરી છે કે એના કોઈ ઉત્પાદન યુનિટો, ડાયરેક્ટરો કે શાખાઓ અસ્તિત્વ જ ધરાવતી નથી. કાગના વાઘ રજૂ કરીને બેન્કોને વારંવાર ખંખેરી લેનારી અને કોઈને કોઈ રાજકીય 'છેડો' ધરાવતી સક્રિય ટોળકીના પરાક્રમો પણ નાણાં સચિવની નજરમાં આવી ગયા લોકસભાની આગામી ચૂંટણી પહેલા અનેકાનેક કૌભાંડકારી બેન્ક અધિકારીઓ જેલ ભેગા થાય એનો સંપૂર્ણ તખ્તો નાણાં મંત્રાલય અને રિઝર્વ બેન્કે ગોઠવી રાખ્યો છે.

પરંતુ એનો અમલ વડાપ્રધાન કાર્યાલયના કોઈ કવહીવટી ટેબલ પર અટકેલો છે. આઈડીબીઆઈ માં હજુ અનેક ચોર કંપની પ્રશાંત સુખ માણી રહી છે. આ બેન્કમાં તમામ કદના માછલાઓ છે. પકડવાની જાળ હજુ એ બેન્કે બનાવવાની બાકી છે. આઈડીબીઆઈ વાસ્તવમાં ૩૦ ટકા એનપીએ પાર કરી જાય તેવી દહેશત છે. કેટલાક વગદાર રાજકીય લોકો અને નેતાઓનો પણ આઈડીબીઆઈ માં હસ્તક્ષેપ છે. બેન્કિંગ ક્ષેત્રમાં હજુ પણ સરકાર દેવાદારોને પકડવાના મૂડમાં નથી. નવાઈની વાત છે કે જેમની પાસે કરોડો રૂપિયા લેણા છે તેવા અને ઉદ્યોગપતિઓ તરફ સરકાર કેમ કુણુ વલણ રાખે છે? જ્યાં સુધી દરેક દેવાદાર વિજય માલ્યા ન બની જાય ત્યાં સુધીની ઘડીની સરકાર રાહ જુએ છે કે શું? બેન્કના કૌભાંડકારોને વિદેશ નાસી જવા માટે સરકાર સેઈફ પેસેજ આપવા ચાહે છે?

ઘરનું ઘર બાંધવા માટે લોન લેવા ચાહનારા દેશના નાગરિકોના ધક્કાથી રાષ્ટ્રીયકૃત બેન્કોના પગથિયા ઘસાયેલા છે. એની સામે ચોર કંપનીઓ કરોડો રૂપિયામાં આળોટતી રહી આ બેન્કોને ખોટમાં ધકેલે છે. હકીકત એ છે કે આપણી તમામ રાષ્ટ્રીયકૃત બેન્કો પાસે પ્રગટ-અપ્રગટ એક-એક પોતપોતાના નીરવ મોદી છે. એક નીરવ વિદેશ નાસી છૂટયો પણ અન્ય અનેક નીરવો હજુ બેન્કોના પૈસે જ આરામ ફરમાવે છે. એનડીએ સરકારે બેન્ક કૌભાંડો અંગે થયેલા ઊહાપોહથી ગભરાઈને ઈન્સોલવન્સી એન્ડ બેન્કરપ્સી કોડ (આઈબીસી) દાખલ કર્યો પરંતુ એ પ્રમાણે નાણાં ડૂબાડનારાઓ પર ત્રાટકવાનું બાકી રાખ્યું છે કારણ કે ક્યાંક ને ક્યાંક દેશના એ સંબંધિત ઉદ્યોગપતિઓ પાસે રાજકીય 'મંત્ર' અને જેલ બહાર રહેવાનું 'તંત્ર' બન્ને છે.

નિર્મલા આજ સુધીના અગ્રતાક્રમમાં ક્યારેય બેન્કિંગ સેક્ટર દેખાતું નથી. તેમની પાસે બેન્કિંગ વિશેના પોતાના મૌલિક વિચારોનો અભાવ છે. એને કારણે જ્યારે પણ બેન્કોના નવા કૌભાંડો બહાર આવશે ત્યારે હાહાકાર મચી જવાનો છે. કારણ કે આજે પણ પાંચ-પચીસ કરોડના કૌભાંડ તો લગભગ મોટાભાગની બ્રાન્ચોમાં છે. અધિકારીઓ અને સરકાર એને છુપાવવામાં આજ સફળ નીવડ્યા છે. વળી કેટલીક કંપનીઓના લેણા માફ કરવામાં પણ સરકાર રહસ્યમય રીતે વર્તન કરી રહી છે. ગુજરાતમાં તો દર મહિને એકાદ તો એવી કંપનીનું નામ ચર્ચામાં આવે જ છે જેના સો થી બસો કરોડ રૂપિયા સરકારે માફ કરી દીધા હોય. આ માફી માટેના ધોરણો પ્રજા વચ્ચે જાહેર કરવાની છે અને આવી માફી આપવાથી એ કંપનીઓ તરફથી બેંક અધિકારીઓને અને સરકારી અધિકારીઓને શું ફાયદો થયો છે એની પણ વિજિલન્સ તપાસ થવી જોઈએ. આખરે આ બધા પ્રજાના પૈસા છે. આપણે ચોમાસામાં ૪૦ ફૂટના રોડના એક ટુકડા માટે દુઃખી થતા હોઈએ છીએ અને અહીં સરકાર બેંકોના કરોડો લૂંટી જનારાઓ તરફ દાખવતી જોવા મળે છે. હાથીના દાંત જેવો આ તફાવત ન રાખવો જોઈએ અને સરકારે એના ચાવવાના ને બતાવવાના બન્ને દાંત એક જ રાખવા જોઈએ.

### રિઝર્વ પીઆઇ સંજયભાઇ ખમલ દ્વારા આરોપીને નાસી જવામાં મદદ કરનાર પોલીસ કર્મી સામે ફરિયાદ નોંધાવી

# અમરેલી જિલ્લા જેલમાં રહેલ કેદીને નાસી જવામાં મદદ કરનાર બે પોલીસ કર્મીઓ સામે ફરિયાદ

### રિઝર્વ પીઆઇ સંજયભાઇ ખમલ દ્વારા આરોપીને નાસી જવામાં મદદ કરનાર પોલીસ કર્મી સામે ફરિયાદ નોંધાવી

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) જુનાગઢના ધીરેન અમૃતલાલ કારીયા જીલ્લા જેલ અમરેલીમાં હોય જેમને પાંચમાં એડી. ચિફ જયુડી મેજી. ગાંધીનગર કોર્ટના કેદી જાપ્તાની ફરજ દરમિયાન અમરેલી હેડકવાટરના હે.કોન્સ. રણજીતભાઈ નાનજીભાઈ વાઘેલા તથા લોકરક્ષક નિતિનભાઈ ઘુસાભાઈ બાંભણીયા પોતાની ફરજ દરમિયાન સરકારી બસમાં મુસાફરી કર્યા વગર અમદાવાદ મધ્યસ્થ જેલમાં કેદીને રાત્રી રોકાણ કરી ગાંધીનગર કોર્ટ મુદતે લઈ જવાના બદલે ફોરવ્હીલ કારમાં કેદી ધિરેન કારીયાને તેના વતન જુનાગઢ લઈ જઈ ત્યાં કોઈ પણ જગ્યાએ તા.૨૩/૨૪-૭ના રાત્રી રોકાણ કરી જુનાગઢથી ધિરેન કારીયાના દિકરા સાથે તેની ફોરચ્યુન ગાડીમાં ગાંધીનગર કોર્ટમાં ધિરેન કારીયાને રજુ રાખી પરત જિલ્લા જેલ અમરેલી ખાતે કસ્ટડીમાં સોપવાના બદલે ફરી વખત ગાંધીનગરથી બારોબાર જુનાગઢ લઈ જઈ ત્યાં સાબરીન રેસ્ટોરેન્ટમાં બન્ને પોલીસ કર્મચારીઓએ કેદી ધિરેન કારીયાને પોતાની કસ્ટડીમાં સાથે નહીં રાખી ઈરાદા પુર્વક કેદી નાસી જવાની કોશિષ કરવામાં મદદ કરી પોલીસ અધિકારી તરીકે જેનું પાલન કરવાની તેમજ આદર કરવાની તેમની ફરજ હોવા છતાં કાયદા નિયમ તથા હુકમનો જાણી-બુજી ગફત ભરી રીતે ભંગ કરી ગુનો કર્યાની અમરેલી પોલીસ હેડકવાટરના રિઝર્વ પી.આઈ. સંજયભાઈ ખમલે અમરેલી સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## ચિતલમાં શિવમ સ્કુલ પાસે મોબાઇલ ચોરાયો

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) ચિતલના ક્રિપાલસિંહ અજીતસિંહ સરવૈયાનો ઓપો કંપનીનો મોબાઈલ સિમ સાથેનો રૂા.૧૮,૯૯૯ની કિંમતનો ચિતલ અમરેલી રોડ ઉપર શિવમ સ્કુલ પાસે ગાયની સારવાર કરતાં હતાં ત્યારે કોઈ શખ્સ મોબાઈલ ચોરી ગયાની અમરેલી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### જિલ્લામાં દિન પ્રતિદિન યમરાજાના આંટાફેરા

# અમરેલી જિલ્લામાં કમોતના વધુ બે બનાવો

### કરમદડીમાં બાળાનું સર્પ દંશથી તેમજ નાની કુંકાવાવનું વૃધ્ધનું બિમારીથી મોત

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) અમરેલી જિલ્લામાં યમરાજાએ પડાવ નાખ્યો હોય તેમ દિન પ્રતિદિન કમોતના બનાવોમાં વધારો થઈ રહ્યો છે. જેમાં ધારીના કરમદડીમાં બાળાનું સર્પ દંશથી મોત અને કુંકાવાવ તાલુકાના નાની કુંકાવાવમાં વૃધ્ધનું બિમારીથી સારવાર દરમિયાન મોત નિપજયું હતું. ધારી તાલુકાના કરમદડી ગામે રહેતી બિન્તીબેન પરેશભાઈ સિસદાણા ઉ.વ.૭ નામની બાળા તા.૮-૮ના પોતાના ઘરે રાત્રીના પથારીમાં સુતી હતી ત્યારે ડાબા ખંભા ઉપર ઝેરી સર્પે દંશ મારતા પ્રથમ ધારી અને વધુ સારવાર માટે અમરેલી સિવીલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતા સારવાર દરમિયાન મોત નિપજયાનું પિતા પરેશભાઈ હિંમતભાઈ સિસદાણાએ ધારી પોલીસ મથકમાં જાહેર કરેલ છે. જયારે બીજા બનાવમાં કુંકાવાવ તાલુકાના નાની કુંકાવાવ ગામે રહેતાં કાંતિભાઈ નાથાભાઈ ઢોલરીયા ઉ.વ. ૬૫ને પેટમાં દુખાવો થતો હોય જેની સારવાર માટે અમરેલી સમ્યક હોસ્પિટલમાં આઈસીયુમાં સારવારમાં હોય અને અમરેલી સિવીલ હોસ્પિટલ ખાતે ફરજ પરના ડોકટરને મૃત્યુ પામેલ હોવાનું જાહેર કર્યાનું ભરતભાઈ નાથાભાઈ ઢોલરીયાએ અમરેલી સિટી પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

## જાફરાબાદના લુણાસાપુરમાં અગમ્ય કારણોસર યુવાને ગળાફાંસો ખાધો

### યુવાનને સારવાર માટે દવાખાને ખસેડાયો

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) જાફરાબાદ તાલુકાના લુણાપુર ગામે રહેતાં માણંદભાઈ પુંજાભાઈ વાઢેર ઉ.વ.૫૦નો દિકરો મુકેશભાઈ વાઢેર પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ જતાં દવાખાને ખસેડાયાનું જાફરાબાદ પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

## ચિતલમાં પોલીસે રેઇડ દરમિયાન ૫ બોટલ ઇંગ્લીશ દારૂ અને એકટિવા કબ્જે કરાયું

### રેઇડ દરમિયાન ઇંગોરાળા ગામનો શખ્સ મુદામાલ છોડી નાસી ગયો

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) અમરેલી તાલુકાના ચિતલ ગામે બાબરા રોડ ઉપર ઈંગોરાળા ગામના ધર્મેશ દેવાયતભાઈ ડેર પોતે પોતાની એકટિવામાં ઈંગ્લીશ દારૂની હેરાફેરી કરતાં પો.કોન્સ. લાલજીભાઈ રાઠોડે રેઈડ દરમિયાન જુદી જુદી બ્રાન્ડનો ઈંગ્લીશ દારૂ પાંચ બોટલ રૂા. ૧૬૧૫ તેમજ એકટિવા રૂા. ૩૦૦૦૦ ગણી કુલ રૂા. ૩૧,૬૧૫નો મુદામાલ કબ્જે કર્યો હતો. જયારે રેઈડ દરમિયાન આરોપી નાસી છુટયો હતો.

## લીલીયામાં ટ્રાફિકને અડચણ રૂપ છકડો રિક્ષા રાખતાં ગુનો નોંધાયો

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) લીલીયા વડવાળા ચોક પીપળવા રોડ ઉપર લોકી ગામના ભોળા દેવાભાઈ જોગસવાએ પોતાની છકડો રિક્ષા જીટીપી ૩૨૫ ટ્રાફિકને અડચણરૂપ થાય તે રીતે રોડ ઉપર રાખી મળી આવી ગુનો કર્યાની પો.કોન્સ. સિધ્ધરાજસિંહ જાડેજાએ લીલીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## હાંસોટાના સુનેવખુર્દ ગામના યુવાનો કાવડ યાત્રા લઇ નિકળતાં બાબાપુર ચોકડીએ સ્વાગત કરાયું

### ભરૂચના સુનેવખુર્દથી સોમનાથ સુધીની કાવડ યાત્રા




બાબાપુર, (હસમુખ રાવળ) ભરૂચ જિલ્લા ના હાંસોટ તાલુકા ના સુનેવખુર્દ ગામના મારુતિ નંદન ગ્રુપ ના યુવાનો પગપાળા કાવડ્યાત્રા લઈ સોમનાથ તરફ જઈ રહ્યા છે. ૧/૮/૨૦૨૪ ના રોજ સુનેવખુર્દ ગામે થી પગપાળા નીકરા હતા તારીખ ૧-૮-૨૪-ના રોજ ભરુચથી કાવડ યાત્રા નીકળી હતી આજે નવમા દિવસે બાબાપુર ચોકડી એ પહોંચી ગયા હતા સાડા નવ વાટે નાસ્તા પાણી કરેલ હતા સાથે લોટી કાવડમાં નર્મદા નદી નું પાણી હતું ભરૂચ જિલ્લા ના હાંસોટ તાલુકા ના સુનેવખુર્દ ગામના મારુતિ નંદન ગ્રુપ ના યુવાનો પગપાળા કાવડ્યાત્રા લઈ સોમનાથ તરફ જઈ રહ્યા છે.

### આરટીઓના નિયમોને નેવે મુકી ટ્રક ઓવરલોડ કરી ચલાવતાં

# અમરેલીના આરટીઓ ઇન્સ્પેક્ટરે ટ્રક ચાલકને રૂા. ૭ હજારનો મેમો ફટકાર્યો

### અમરેલીના એઆરટીઓએ શ્રી પી. આર. પઢીયારની કડક કાર્યવાહી



અમરેલી, સાવરકુંડલાથી વરસડા જતા ય્વ ૧૪ઢ૯૭૨૧ નંબરની ટ્રક મગફળીની ફોફી જેવી હલકી વસ્તુ ભરીને આવતી હતી તેમજ ટ્રક બંને સાઈડ થી લગભગ છ ફૂટ ટ્રકચર ની બહાર કાઢી ને ચલાવતા નાના વાહનો ને ભારે હાલાકી પડી રહી છે સાથે સાથે પાછળની સાઈડ ફોફિને ઢાંકેલું કંતાન કે તાલપત્રી તૂટી જવાથી બાઈક ચાલકો ને આંખોમાં પડવાથી અકસ્માત થતા અટક્યો હતો તમામ માહિતી અમરેલી એઆરટીઓ ને મળતા તુરંત કાર્યવાહીના ભાગરૂપે ૭૦૦૦ નો દંડ ફટકારી નિયમોનું ભાન કરાવતા આસિસ્ટન્ટ ઈન્સ્પેકટર પી.આર.પઢીયાર દ્વારા કાર્યવાહી કરી કાયદાનું ભાન કરાવ્યું હતું.

## જિલ્લામાં ત્રણ સ્થળે દેશીદારૂના દરોડા : મહિલા સહિત ત્રણને મુદામાલ સાથે પોલીસે ઝડપી લીધા

### જિલ્લામાં બે વાહનચાલકો સહિત ૬ નશામાં ધુત ઝડપાયા

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) અમરેલી જિલ્લામાં પોલીસે જુદા જુદા સ્થળોએથી બે વાહનચાલક સહિત ૬ શખ્સોને નશામાં ધુત ઢીંગલી બનેલા નેસડીઓને પોલીસે ઝડપી લઈ જેલની હવા ખવડાવી સરભરા કરી હતી. જેમાં વડીયા, જાફરાબાદ, લીલીયા, અમરેલી સિટી પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરી હતી. જયારે જિલ્લામાં જુદા જુદા ત્રણ સ્થળોએથી પોલીસે દેશીદારૂના દરોડા પાડી એક મહિલા સહિત ત્રણ શખ્સોને મુદામાલ સાથે ઝડપી પાડયા હતાં. જેમાં લાઠી પોલીસે ટોડા અને જાનબાઈની દેરડીમાંથી તેમજ વડિયા પોલીસે મોટી કુંકાવાવમાં કાર્યવાહી હાથ ધરી હતી.

## જાફરાબાદ પાલિકાના પુર્વ પ્રમુખ કરણભાઇનું નિધન થતા આગેવાનોએ શોકાંજલી પાઠવી

### શ્રી કાછડીયા, શ્રી માયાભાઇ, શ્રી સંઘાણી સહિતે શોક વ્યક્ત કર્યો



રાજુલા, (કનુભાઈ વરૂ) જાફરાબાદ પાલિકાના પુર્વ પ્રમુખ કરણભાઈનું નિધન થતા આજે લોક સાહિત્યકાર માયાભાઈ આહિર, મહંત દિપકગીરીબાપુ, તલગાજરડા ઉમરીયાના મહંત તથા કવિ શ્રી હેમાળવી, શ્રી દિલીપભાઈ સંઘાણી, નારણભાઈ કાછડીયા, શ્રી આનંદબાપુ, શ્રી મહાદેવ ભારતીબાપુ, શ્રી મનિષભાઈ સંઘાણી, મનુભાઈ ધાખડા, અશ્વિનભાઈ સાવલીયા, કનુભાઈ વરૂ સહિત આગેવાનોએ દિલશોજી પાઠવી હતી અને શોકાંજલી પાઠવી હતી.

## ગ્રહોની ચાલ


રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા ૧૧ .૮.૨૦૨૪ રવિવાર ,સંવંત ૨૦૮૦ શ્રાવણ સુદ સાતમ, સ્વાતિ નક્ષત્ર , શુભ યોગ, ગર કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ તુલા (ર,ત) રહેશે.

### સિંહ રાશિમાં બુધ મહારાજ વક્રી ચાલી રહ્યા છે

અગાઉ લખ્યા મુજબ મોટી કંપનીઓ બાબતે આર્થિક કૌભાંડોને લગતી બાબતો ચિંતિત કરી રહી છે જયારે અકસ્માતોની શૃંખલા જોવા મળી રહી છે અને બ્રાઝિલમાં ૬૨ લોકો સાથેનું વિમાન ક્રેશ થયું છે. સિંહ રાશિમાં બુધ મહારાજ વક્રી ચાલી રહ્યા છે જે વ્યાપારજગતને પ્રવાહી સ્થિતિમાં મૂકી રહ્યા છે વળી શત્રુના ઘરમાં શુક્ર મહારાજ હીરાબજારને પણ હાલક ડોલક કરી રહ્યા છે અને રાજા સૂર્ય સિંહમાં આવવા જઈ રહ્યા છે ત્યારે સરકાર આર્થિક બાબતોમાં સુધારા અને કૌભાંડો પર ચાંપતી નજર રાખી રહી છે વળી અગાઉ લખ્યા મુજબ સરકાર અને મોટી કંપનીઓ આંતરરાષ્ટ્રીય સ્તરે વિચારતા થયા છે વળી મહાસત્તાઓ અર્થવ્યવસ્થામાં સેંધ કરી દેશમાં વ્યવસ્થા સર્જવાની હિમાકત વિચારી રહ્યા છે જે નિંદનીય છે. હજુ આગામી સમયમાં આ



બાબતે ઘણા ખુલાસા થવાના બાકી છે જેની અસર શેરબજાર થી લઈને સામાન્ય જનજીવન સુધી થનાર છે અને આગામી સમયમાં બેરોજગારી મોટો પ્રશ્ન બનશે વળી મોટી કંપનીઓ તેના કર્મચારીઓને છુટ્ટા કરી રહી છે જે મંદીના દોરની ગવાહી પુરે છે જો કે ભારત કરતા પશ્ચિમના દેશો પર તેની વધુ અસર જોવા મળશે અને ભારતના પાડોશી દેશો ખાસ કરીને ચીન પણ અર્થવ્યવસ્થા સમજવામાં ચુકી જતા જોવા મળશે. અગાઉ લખ્યા મુજબ ભારતના બધા પાડોશીઓ કોઈને કોઈ રીતે મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે અને ક્યાંક ને ક્યાંક તેની પાછળ પણ વૈશ્વિક દોરીસંચાર જોવા મળી રહ્યો છે વળી આ આર્થિક માર વચ્ચે પણ વિશ્વના અનેક દેશ સેના અને હથિયાર પાછળ વધુ ને વધુ ખર્ચ કરતા જોવા મળશે.

મેષ (અ,લ,ઈ) : જાહેરજીવનમાં સારું રહે, યશ-પ્રતિષ્ઠા મેળવી શકો, સામાજિક સ્વીકૃતિ પ્રાપ્ત થાય, શુભ દિન.
વૃષભ (બ,વ,ઉ) : સવાર બાજુ નો સમય શાંતિથી વિતાવવા સલાહ છે, શત્રુઓ થી સાવધ રહેવું, વધુ વિશ્વાસે ના ચાલવું.
મિથુન (ક,છ,ઘ) : સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, તમારી અંદરની રચનાત્મકતાનો લાભ લઈ શકો.
કર્ક (ડ,હ) :જમીન-મકાન-વાહન સુખ સારું રહે, આરામદાયક દિવસ, સુખ સગવડ પ્રાપ્ત થાય.
સિંહ (મ,ટ) : સાહસ થી સિદ્ધિ પ્રાપ્ત થાય, આગળ વધવાની તક મળે, મિત્રોની મદદ મળી રહે, શુભ દિન.
કન્યા (પ ,ઠ ,ણ ) : બેન્ક બેલેન્સ વધારી શકો, નાણાકીય આયોજન કરી શકો, પૈસા બાબત માં સારું રહે.
તુલા (ર,ત) : તમારા ક્ષેત્રમાં સફળતા મેળવી શકો, કાર્યસિદ્ધિ આપતો દિવસ, સમાજને કૈક કરી બતાવી શકો.
વૃશ્ચિક (ન ,ય ) : તમારા પૈસા અટવાતા-ફસાતા જણાય , સિફત થી કામ લેવું ગુસ્સા માં આવી નિર્ણયો ના કરવા સલાહ છે .
ધન (ધ ,ભ ,ફ ,ઢ ): સગા સ્નેહી મિત્રો થી સારું રહે, નવા લોકો સાથે પણ સબંધ કેળવી શકો, પ્રગતિકારક દિવસ.
મકર (ખ ,જ ) : વેપારીવર્ગને મધ્યમ રહે, નોકરિયાતવર્ગને અનુકૂળ સમય, સ્ત્રીવર્ગ માટે ઉત્સાહજનક, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.
કુંભ (ગ ,સ,શ ) : ધ્યાન યોગ મૌનનો મહિમા સમજાય, પોઝિટિવ વિચારો થી સારું રહે, લાભદાયક દિવસ.
મીન (દ ,ચ ,ઝ ,થ): અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, નસીબ સાથ આપતું જણાય, ધાર્યા કામ પાર પાડી શકો.

## સાવરકુંડલામાં તાલુકા કક્ષાની એથ્લેટિકસ સ્પર્ધા યોજાઇ

### દોશી હાઇસ્કુલની વિદ્યાર્થીનીઓ પ્રથમ, દ્વિતીય ક્રમે



સાવરકુંડલા, શ્રી કે.કે. હાઈસ્કૂલ સાવરકુંડલા માં ૬૮મી અખિલ ભારતીય તાલુકા કક્ષાની એટલેટીક્સ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં એસ.વી.દોશી ગર્લ્સ હાઈસ્કૂલ સાવરકુંડલા ના વિદ્યાર્થીની બહેનોએ પ્રથમ અને દ્વિતીય નંબર લાવી શાળાનું ગૌરવ વધારેલ છે. અન્ડર ૧૯ માં પ્રથમ ગોહિલ જેન્સી, મેર તુલસી, ટોટા રક્ષિતા, ગેલાણી રિયા, ખોખર અલ્ફિયા, કાછડ આશા દ્વિતીય ડાભી હર્ષિતા, રાઠોડ આયુષી, કાનાણી હેમાંગી, સરવૈયા નિલોફર, ઝાંખરા આસમાં, વાજાધારા એ નંબર મેળવ્યો હતો. અન્ડર ૧૭ માં પ્રથમ પોલરા ધ્રુવી, પાટડીયા રાધિકા, ચણીયારા સ્નેહા, બારીયા ધ્રુવીશા, લાલુ બીના, બ્લોચ સિફા, દ્વિતીય, ચૌહાણ તાહેરા, કારેણા હેમાંશી, મકવાણા કિરણ, ઝાંખરા સાનિયા નંબર મેળવયા હતા. અન્ડર ૧૪ માં ગોહિલ માનસી, મહેતા દર્શિતા, ઝાંખરા ઈરમ એ નંબર પ્રાપ્ત કર્યા હતા. વિદ્યાર્થીની બહેનો ને રમતો અંગે નું માગદર્શન શાળા ના વ્યાયામ શિક્ષિકા દેવીબેન રાઠોડ દ્વારા આપવામાં આવ્યું હતું. નંબર પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીની બહેનો આગામી સમયમાં યોજાનાર જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જશે. નંબર મેળવેલ બધી જ વિદ્યાર્થીની બહેનોને શાળાના પ્રિન્સિપાલ શ્રી ઉષાબેન તેરૈયા તથા નૂતન કેળવણી મંડળ ના પ્રમુખ ચંદ્રિકાબેન ઘેલાણી અને સર્વે ટ્રસ્ટીગણે ખૂબ ખૂબ અભિનંદન સાથે શુભકામનાઓ પાઠવી હતી. નંબર મેળવેલ વિદ્યાર્થીની બહેનો ને શાળા ના પ્રિન્સિપાલ ઉષાબેન તેરૈયા દ્વારા પ્રમાણપત્ર અને ઈનામ આપવામાં આવ્યું હતું. તેમ રવિભાઈ જોષીએ જણાવ્યું હતું.

## રાજુલા અને અમરેલીના ટીડીઓની બદલી

અમરેલી, અમરેલીના ટીડીઓ શ્રી ડીએચ પંડયા અને રાજુલાના ટીડીઓ શ્રી હિતેષ પરમારની બદલી કરવામા આવી છે બંને જગ્યા ઉપર કોઈ નિમણુંક થઈ નથી.

## સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

# કપાસ ૮૦૦ થી ૧૫૪૨ મગફળી ૯૪૫ થી ૧૨૩૦

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૧૧૬૬-૧૧૬૬
શિંગમોટી-૯૪૫-૧૨૩૦
શીંગફાડા-૧૧૭૦-૧૩૦૫
તલસફેદ-૧૭૦૦-૨૫૮૯
તલકાળા-૨૫૦૦-૩૪૯૫
એરંડા-૧૦૦૦-૧૧૬૭
ઘઉંટુકડા-૪૭૨-૫૭૦
ઘઉંલોકવન-૫૨૦-૫૭૩
મેથી-૧૧૧૮-૧૧૧૮
ચણા-૧૨૯૯-૧૪૩૫
કપાસ-૮૦૦-૧૫૪૨
જુવાર-૩૫૯-૬૯૭
જીરૂ-૪૭૩૦-૪૭૩૦
ધાણા-૧૧૦૦-૧૨૮૫
સોયાબીન-૮૨૨-૮૨૩
કાંગ-૧૦૫૨-૧૦૫૨
અજમા-

**અમરેલી માર્કેટયાર્ડ**
બટેટા-૩૧૦-૫૨૦
રીંગણા-૯૦૦-૧૦૦૦
ફલાવર-૮૦૦-૯૦૦
કોબીઝ-૫૦૦-૬૦૦
ટમેટાં-૬૫૦-૭૫૦
ફોદીનો-૭૫૦-૮૫૦
ગાજર-૫૨૦-૬૦૦
ગલકા-૪૩૦-૪૮૦
કાકડી-૩૫૦-૫૫૦
ગુવાર-૧૭૦૦-૧૯૦૦
દુધી-૩૦૦-૩૫૦
તુરીયા-૫૫૦-૬૫૦
ભીડો-૭૩૦-૮૩૦
આદુ-૧૨૦૦-૧૩૦૦
કોથમીર-૭૦૦-૮૦૦
મેથીભાજી-૫૦૦-૬૦૦
ટીંડોરા-૯૦૦-૧૦૦૦
લીમડોમીઠો-૯૦-૧૧૦
મરચાલીલા-૮૦૦-૯૫૦
લસણસુકું-૩૦૫૦-૪૦૫૦
લીંબુ-૭૫૦-૮૫૦
પાલક-૫૦૦-૬૦૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૫૩૦-૫૪૦
જુવાર-૭૦૬-૭૨૨
ઘઉં-૫૧૬-૫૭૯
શીંગદાણા-૧૩૦૦-૧૩૦૦
ચણા-૧૨૨૫-૧૩૮૫
તલસફેદ-૨૧૭૨-૨૩૮૫
સોયાબીન-૧૩૦૦-૧૩૦૦
એરંડી-
કપાસ-૧૧૦૦-૧૫૦૧
રાય-
શીંગ-૮૫૦-૮૫૦

**મહુવાયાર્ડ**
ઘઉં-૪૮૭-૬૧૯
ડુંગળીલાલ-૨૦૭-૬૫૬
અડદ-૧૮૪૦-૧૮૪૦
તલસફેદ-૨૦૨૦-૨૪૨૭
તુવેર-૧૦૦૦-૧૫૯૫
મકાઈ-૪૬૧-૪૬૧
મગ-૧૬૦૦-૧૬૦૦
નાળીયેર-૩૯૦-૧૬૯૧
જીરૂ-૪૧૦૧-૪૧૦૧
બાજરી-૪૩૬-૫૩૦
જુવાર-૪૧૬-૭૭૦
ધાણા-૧૧૪૨-૧૧૪૨

**બાબરા**
કપાસ-૧૩૬૫-૧૫૧૫
ઘઉં-૪૫૫-૫૩૫
તલસફેદ-૨૦૮૦-૨૧૦૦
જીરૂ-૪૩૩૦-૪૬૦૦
મગફળી-
બાજરો-

**ધારી**
ધાણા-
ચણા-
જુવાર-
મગફળી-૧૦૯૯-૧૦૯૯
બાજરો-૪૧૧-૪૧૧
મગફળી-
તુવેર-
શીંગફાડા-
ઘઉં-૫૨૨-૫૪૨
સોયાબીન-

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૧૧૫૦
શીંગદાણા-૧૧૧૧
જીરૂ-૩૫૦૦-૪૭૦૦
તલસફેદ-૨૧૦૦-૨૪૫૦
કપાસ-૧૨૦૦-૧૫૪૩
ઘઉંલોકવન-૫૦૦-૫૫૫
મગ-૧૪૨૫-૧૫૬૧
ઘઉંટુકડા-૫૦૭-૫૬૬
ચણા-૧૨૦૦-૧૩૪૪
મકાઈ-૫૬૬
જુવાર-૬૩૬
બાજરો-૪૨૨-૪૭૮
સોયાબીન-

**ખાંભા**
કપાસ-
જુવારસફેદ-
અડદ-
તલસફેદ-
ઘઉં-
બાજરો-
સોયાબીન-
જીરૂ-

**બગસરા**
કપાસ-૧૧૦૦-૧૪૬૦
મગફળી-
ચણા-૧૦૩૫-૧૩૦૦
બાજરો-
શીંગફાડા-
ઘઉંટુકડા-૫૦૦-૫૪૦
ઘઉંલોકવન-
ધાણા-
તલસફેદ-૧૮૫૦-૨૧૮૦
જીરૂ-૪૦૦૦-૪૦૦૦
સોયાબીન-૭૬૩-૭૮૦
મકાઈ-

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૫૦૦-૧૦૦૦
દાડમ-૬૦૦-૨૩૦૦
મુસંબી-૬૦૦-૧૦૦૦
સંતરા-૧૬૦૦-૨૨૦૦
કીવી-૫૦૦૦-૬૦૦૦
ડ્રેગન ફ્રુટ-૧૬૦૦-૨૧૦૦
અનાનસ-૧૫૦૦-૧૯૦૦
ખારેક-૧૪૦૦-૨૦૦૦
કેળા-૩૪૦-૫૪૦
પોપૈયા-૬૦૦-૧૦૦૦
સફરજન હિમાચલ-
સ.કાશ્મીર-૩૦૦૦-૪૦૦૦

### અમરેલી આજનું તાપમાન

મહ ામ તાપમાન ૩૨.૪
ન્યુનતમ તાપમાન ૨૬.૦
ભેજનું પ્રમાણ ૮૩
પવનની ગતિ સરેરાશ ૭.૩

### અમરેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત

# જેશીંગપરા કન્યા શાળાની વિદ્યાર્થીનીઓ પ્રથમ સ્થાને

**રગબી અને કુશ્તીમાં રાજ્ય કક્ષાએ પ્રતિનિધિત્વ કરશે : શિક્ષણ ચેરમેનશ્રી તુષાર જોષી, શ્રી દામજીભાઇ ગોલ, શ્રી આશિષ જોષીએ ખેલાડીઓને બિરદાવ્યા**





અમરેલી,નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન તુષાર જોષી,વાઈસ ચેરમેન દામજી ગોલ,શાસનધિકારી આશિષ જોશીએ વિજેતાઓને, કોચ,આચાર્ય અને શિક્ષકોને અભિનંદન પાઠવ્યા સ્કૂલ ગેમ ફેડરેશન ઓફ ઈન્ડિયા તથા સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા આયોજિત રમત ગમત અધિકારી સંચાલિત ૬૮મી જિલ્લા કક્ષા SGFI બહેનોની ચેસ સ્પર્ધાનું આયોજન નૂતન મિડલ સ્કૂલ અમરેલી ખાતે તારીખ ૧/૮/ ૨૦૨૪ ના રોજ થયેલ જેમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત જેસિંગપરા કન્યા શાળાની વિદ્યાર્થીનીઓનો ઉત્કૃષ્ટ દેખાવ રહ્યો,જેમાં U-૧૪ વય ગ્રુપમાં પરમાર માહી પ્રવીણભાઈ ધોરણ ૭ પ્રથમ વિજેતા U-૧૭ વય ગ્રુપમાં શુક્લ આરાધ્યા ધોરણ ૭ પ્રથમ વિજેતા થયેલ રગ્બી સ્પર્ધાનું આયોજન સ્પોર્ટસ કોમ્પલેક્ષ ચિતલ રોડ અમરેલી ખાતે તારીખ ૭/૮/૨૦૨૪ ના રોજ કરવામાં આવેલ જેમાં U-૧૪ ની ટીમ પ્રથમ વિજેતા થયેલ ટીમના ખેલાડીઓ રાઠોડ બંસી પ્રકાશભાઈ,મકવાણા સ્નેહા સોમાભાઈ,દેવગણીયા દિપાલી નિલેશભાઈ,ટોટારીનુ વિપુલભાઈ ભાલું ધાર્મિ રાજેશભાઈ,પરમાર માહી પ્રવીણભાઈ,મુંગલ્પરા યાંશી નરેન્દ્ર ભાઈ ,પરમાર ગોપી જીગ્નેશ ભાઈ સાકરીયા પ્રિયલ કિંજલ છોટાભાઈ,સિંધવ તેજલ,કાબરિયનિશા મુકેશભાઈ કુસ્તી સ્પર્ધા સુરગવાલા સાર્વજનિક હાઈ સ્કૂલ વડીયા ખાતે તારીખ ૯/૮/૨૦૨૪ ના રોજ થયેલ જેમાં U-૧૪ વય ગ્રુપમાં પ્રથમ વિજેતા મકવાણા સ્નેહા સોમાભાઈ 30kg ,ભાડ દૃષ્ટિ અશ્વિનભાઈ 33kg ,ચાવડા સજના શૈલેષભાઈ ૩૬kg રાઠોડ બંસી પ્રકાશભાઈ 39kg ,દેવગણિયા દિપાલી નિલેશભાઈ 42kg,સાકરીયા પ્રિયલ સંજયભાઈ 50kg શુક્લ આરાધ્યા 54kg U-૧૪ વય ગ્રુપમાં દ્વિતીય નંબર વિજેતા- વસાવડા આયુષી સંજયભાઈ ૪૬ kg U-૧૭ દ્વિતીય નંબર વિજેતા-પરમાર દિપાલી રવજીભાઈ 36-40kg મુંગળપરા યનશી નરેન્દ્રભાઈ 49kg હેન્ડબોલ સ્પર્ધા U-19 વય ગ્રુપ માં - ગંગેરા ભક્તિ કમલેશભાઈ અમરેલીની ટીમમાં પસંદગી થયેલ છે.જેઓ આગામી સમય માં રાજ્ય કક્ષાએ અમરેલી જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે,આ સફળતા પ્રાપ્ત બદલ સમિતિના ચેરમેન તુષારભાઈ જોશી,શાસનધિકારી આશિષભાઈ જોષી,વાઈસ ચેરમેન દામજીભાઈ ગોલ અને સમગ્ર નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ટિમ દ્વારા વ્યાયામ શિક્ષક ડોબરીયા રાજેશભાઈ,આચાર્ય અર્ચનાબેન ભટ્ટ તેમજ વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા અને આગામી રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ પ્રદર્શન સાથે વિજેતા બને એવી શુભકામના પાઠવી હતી.

### ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા રજુઆતને પગલે

# બગસરામાં જીઆઇડીસી માટે પ્લોટની ફાળવણીની સુચના આપતાં કલેક્ટર

**બગસરાથી જેતપુર જતાં રોડ પર આવેલ સર્વેનં-૫૭૬, ખાતા નં.૧૪૩૫ની ફાળવણી થતાં ફોર્મ ભરાવી પ્લોટ ફાળવાશે**

બગસરા,(રૂપેશ રૂપારેલીયા) બગસરા ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા બગસરા માટે જી.આઈ.ડી.સી.ની ફાળવણી માટે ઘણા સમયથી સરકારશ્રી તેમજ જિલ્લા કલેક્ટર ઓફિસમાં લેખિતમાં રજુઆત કરેલ હતી ત્યારે જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા બગસરા મામલતદારશ્રીને સૂચના આપતા જણાવ્યું હતુ કે જે ઊધોગિક સાહસિક હોય તેમને જેતપુર રોડ ઉપર આવેલ ઔધોગિક વસાહતની જગ્યા જેનો સર્વે નંબર ૫૭૬ તેમજ ખાતા નંબર ૧૪૩૫ને ઔધોગિક સાહસિકોને ફોર્મ ભરાવીને પલોટની ફાળવણી આપવામાં આવે

### શ્રી સ્વામિ નારાયણ સંતોની ઉપસ્થિતિમાં

# સાવરકુંડલામાં તા.૧૧ થી ૧૫ સુધી સંત પારાયણ

**રવિ સભા અને સંત પારાયણનો લાભ લેવા અનુરોધ કર્યો**



સાવરકુંડલા, શ્રાવણમાસ એટલે શ્રવણનું પર્વ, આંતર જાગૃતિનું પર્વ, પ્રગતિનું પર્વ, આધ્યાત્મિક સંપત્તિને જીવનમાં ઉતારવાનું પર્વ. સંસારના ત્રિવિધ તાપથી સંતપ્ત મનુષ્યજીવન આજે વધુ જટિલ બન્યું છે. કેવળ ભૌતિક પદાર્થોમાં સુખ માનીને આપણે સાચી શાંતિનો અનુભવ કરી શકયા નથી. સાચુ સુખ અને શાંતિનું સરનામું આપણા ષિમુનિઓ, સંતો અને શાસ્ત્રો બતાવે છે, તે છે ભગવાન અને સંતના લીલાચરિત્રોનું શ્રવણ, પવિત્ર શ્રાવણમાસ નિમિત્તે વિશેષ કથા શ્રવણનો લાભ પ્રાપ્ત થાય તેવા શુભઆશયથી BAPS શ્રી સ્વામિનારાયણ મંદિર, મહુવા રોડ, સાવરકુંડલાના આંગણે તા. ૧૧ ઓગસ્ટ થી તા.૧૫ ઓગસ્ટ સુધી સંત પારાયણ નું આયોજન કરેલ છે.આ સંતપારાયણ નો પ્રારંભ તારીખ ૧૧ ઓગસ્ટ રવિવારે સાંજે ૬:૦૦ વાગ્યાથી યોજાતી રવિસભામાં થશે. તેમજ તારીખ ૧૨ ઓગસ્ટથી ૧૫ ઓગસ્ટ સુધી રાત્રે ૯:૦૦ થી ૧૧:૦૦ દરમિયાન સંતપારાયણ નો લાભ પ્રાપ્ત થશે. આ સંત પારાયણમાં BAPS સંસ્થા ના વિદ્વાન વકતા અને સંગીતજ્ઞ સંત પૂજ્ય કૃષ્ણપ્રિય સ્વામી સંગીતજ્ઞ કલાકારો સાથે તેમની રસાળ, સંગીતમય શૈલીમાં પારાયણ નો લાભ આપશે. આ દિવ્ય સંતપારાયણ નો લાભ લેવા તમામ ધર્મપ્રેમી જનતાને પધારવા મ્હઁજી શ્રી સ્વામિનારાયણ મંદિર,સાવરકુંડલા ની યાદીમાં જણાવ્યું છે. તો પવિત્ર શ્રાવણ માસમાં આ લાભ લેવાનું ચૂકશો નહીં.

### પવિત્ર શ્રાવણ માસ નિમિતે

# અમરેલીમાં શ્રીજી વિદ્યાર્થી ભુવન અને સરસ્વતિ વિદ્યાલયનો પ્રવાસ યોજાયો

**અંટાળીયા મહાદેવ મંદિરે વિદ્યાર્થીઓએ દર્શન કર્યા : વિવિધ રમતો યોજાઇ**




અમરેલી,તારીખ ૮ /૮ /૨૦૨૪ ને શ્રીજી વિદ્યાર્થી ભુવન સરસ્વતી વિદ્યાલય ખાતે ગુરૂવારના રોજ ધોરણ ૪ થી ૧૨ ના વિદ્યાર્થીઓને અંટાળીયા મહાદેવ મંદિરે પ્રવાસ કરાવવામાંઆવ્યો,જેમાંસવારે ૮:૩૦ શાળાએથી નીકળીને અંટાળ્યા મહાદેવ મંદિરે કરાવ્યા તેમજ બાળકોને ત્યાંના બગીચામાં વિવિધ રમતો રમાડી અને, ત્યારબાદ ત્યાંજ ભોજન ની વ્યવસ્થા પણ કરવામાં આવી,આટલા સરસ આયોજન બદલ વિદ્યાર્થીઓ ખૂબ ખુશ થઈ ગયા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં શાળાના સંચાલકશ્રી દીપકભાઈ વઘાસિયા, તેમજ વિલાસબેન વઘાસિયા તેમજ વ્યવસ્થાપક શ્રી ઉત્તમભાઈ તેમજ મયંકભાઈ કોટડીયા તેમજ તમામ શિક્ષકશ્રીઓ નો ખુબ આભાર માન્યો હતો તેમ દિપકભાઈ વઘાસીયાની યાદીમાં જણાવાયું છે.

### લાંચ-રૂશ્વતના કેસમાં ગુજરાત હાઈકોર્ટનો મહત્વનો રિપોર્ટેડ ચુકાદો

# અમરેલીમાં લાંચના અપીલ કેસમાં આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરાયો

**એડવોકેટ ગીરીશભાઇ દવે, મુરલીભાઇ દેવનાનીની ધારદાર દલીલો ગ્રાહ્ય રાખી**

અમરેલી,
આ બનાવની હકીકત એવા પ્રકારની છે કે, આ કામના ફરિયાદી નરેન્દ્રભાઈ નાથુભાઈ વલાલનાએ જે નટરાજ રોડલાયન્સના નામે ટ્રાન્સપોર્ટનો ધંધો કરતાં હોય અને તેમને સરકારી ગોડાઉનમાં ખાંડ ટ્રાન્સપોર્ટ કરવાનો કોન્ટ્રાકટ કરેલ હોય, ત્યારે કામના આરોપી પંકજભાઈ ભુપતરાય મહેતાનાએ ફરિયાદી પાસે ઓછો સ્ટોક બતાવવા માટે માસીક રૂ. ૧,૨૦૦/-ની માંગણી કાલ હતી તેવો આક્ષેપ કરેલ હતો અને આ મતલબની ફરિયાદ અમરેલી એ.સી.બી. પોલીસ સ્ટેશનના ઈન્સ્પેકટરશ્રી સમક્ષ લેખિત ફરીયાદ આપેલી, તેના આધારે એ.સી.બી. પોલીસ દ્વારા રેડનું છટકુ ગોઠવવામાં આવેલું અને આ છટકામાં આરોપી પંકજભાઈ મહેતા આ રકમ સ્વીકારી હોવાનો, તેઓ ઉપરોક્ત દર્શાવેલ આરોપી ઉપર આક્ષેપ હતો.જેમનો કેસ મહે. શ્રી અમરેલીના સ્પેશ્યલ જજ સમક્ષ ચાલી જતાં નામ. કોર્ટે આરોપીને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરેલો. જે હુકમ સામે સરકારશ્રી દ્વારા નામ. ગુજરાત હાઈકોર્ટમાં ક્રિમીનલ અપીલ નં. ૧૯૦૭/૨૦૦૮ થી અપીલ દાખલ કરેલ હતી, જે અપીલમાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા આરોપી પંકજભાઈ ભુપતરાય મહેતાને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ હતો. જેમાં આરોપી તરફે નામ. ગુજરાત હાઈકોર્ટમાં એડવોકેટ મુરલીભાઈ દેવનાની તેમજ નામ. અમરેલી કોર્ટમાં કેસ ચલાવનાર મુખ્ય એડવોકેટ ગિરીશ એમ. દવે નામ. ગુજરાત હાઈકોર્ટમાં સાથે રહેલ હતા.

# ચલાલા ગાયત્રી વિદ્યાલયના વિદ્યાર્થીઓ તિરદાંજીમાં જિલ્લા કક્ષાએ ઝળકયા




**તિરંદાજી સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ભાગ લઇ વિદ્યાલયનું ગૌરવ વધાર્યુ**

ચલાલા ,(પ્રકાશ કારીયા)
૬૮ મી અખિલ ભારતીય તિરંદાજી સ્પર્ધા તા.૫-૮-૨૪ ના ગુજરાત સરકાર રમત ગમત વિભાગ દ્વારા આયોજીત કરવામાં આવી હતી. જેમાં ગાયત્રી સંસ્કાર વિધાલય ચલાલાના વિદ્યાર્થીઓ તિરંદાજી સ્પર્ધામાં ભાગ લઈ પોતાની આવડતનું પ્રદર્શન કરી શાળા પરીવારનું ગૌરવ વધારેલ હતું. જેમાં સંપુર્ણ માર્ગદર્શન અમરેલી જીલ્લાના કોચ મહેતા રિધ્ધી એન મહેતા હદિસા દ્વારા આપવામાંઆવ્યુંહતું. બાળકોને સંસ્થાના વડા પુ. ડો. રતિદાદા તથા ડાયરેકટર મહેશભાઈ મહેતા આચાર્ય શીતલબેન મહેતાએ બિરદાવ્યા હતા.

## સમગ્ર ગુજરાત સંક્ષિપ્ત

### સમઢીયાળામાં પ્રાગટ્ય ઉત્સવ ઉજવાયો

ભાવનગર, (મનીષ દવે)
બોટાદના સમઢીયાળામાં યોગીધામના યુગદિવાકર પુ.નીમર્ળસ્વામીનો પ્રાગટ્ય ઉત્સવ નીમીતે, દર્શન, વંદન, વ્યાખ્યાન, સમુહ મહાપ્રસાદ સહિત કાર્યક્રમો સાથે ઉજવણી કરી હતી.

### સુરતમાં સવા લાખ જયોતીષ પ્રાગટ્ય પુજન

ભાવનગર,(મનીષ દવે)
સુરતમાં મહામંડલેશ્વર મુળદાસબાપુના દ્રઢ સંકલ્પથી સવા લાખ નાળીયેર હોત્માત્મક યજ્ઞ, સવા લાખ કુવારીકા ગૌરી પુજન, સવા લાખ જ્યોતી પ્રાગટ્ય પુજન યોજાયો હતો.આ પ્રસંગે મહાપ્રસાદ સહિત કાર્યક્રમો યોજાયા હતા.

### સોનગઢમાં તહેવારનો સંગમ એટલે લાખાબાપુની જગ્યા

ભાવનગર, (મનીષ દવે)
સોનગઢમાં નાથાબાપુ ની જગ્યાનું નામ ખુબ જાણીતુ છે અહી ગૌ સેવા માનવ સેવા થાય છે. સૌરાષ્ટ્રની દેહાંત જગ્યાએ લોકો માનતા રાખે છે. અન્નક્ષેત્ર પણ ચલાવાય છે. આમ સેવા શ્રધ્ધાનો અનેરો સંગમ સોનગઢમાં લાખાબાપુની જગ્યા બનેલ છે.

### વંથલીમાં મહિલા મંડળની બહેનોનું સન્માન

ભાવનગર,(મનીષ દવે)
વંથલીમાં મહિલા મંડળના શ્રી નયનાબેનનાં નેતૃત્વમાં નવસારી નજીક ખેર ગામે પ્રગટેશ્વર મહાદેવ મંદિરે સ્વામી ઉર્જાનંદજી અને માં રમણદેવીએ સન્માન કર્યુ હતુ.

### નવસારીમાં પ્રગટેશ્વર મંદિરે અનેરો ઉત્સવ

ભાવનગર, (મનીષ દવે)નવસારીના આછવણી ખેર ગામમાં પ્રગટેશ્વર મહાદેવ મંદિરે ઉત્સવોનો પ્રારંભ થયો છે. સ્વામી ઉર્જાનંદજીએ વ્યાખ્યાનમાં ભાવીકોને રસ તરબોળ કર્યાહતા.અનેમનુષ્યનેસર્જનાત્મક મુક્તિનો અનુભવ આપવા જણાવ્યું હતુ.

### ગીર ગઢડાના નવા ઝાખીયામાં શીવ પુરાણ કથા યોજાઇ

ભાવનગર,(મનીષ દવે)
ગીર ગઢડા પાસે નવા ઝાખીયા ગામે દડકેશ્વર મહાદેવ મંદિરે તા.૧૯ થી ૨૫ સુધી બપોરે ૨ થી ૬ શીવ પુરાણ કથા યોજાશે જેમાં ભોરીંગડાના કથાકાર શાસ્ત્રી ભાર્ગવદાદા અને સંગીતકાર મહંત ચેતનબાપુ હરીયાણી સહિત કથાનું રસ પાન કરાવશે તેમ જણાવ્યું છે.

### સુરતમાં અટલ આશ્રમએ શ્રાવણી પર્વનો પ્રારંભ

ભાવનગર,(મનીષ દવે)સુરતના પાલ વિસ્તારમાં અટલ આશ્રમએ પારદેશ્વર મહાદેવ મંદિરે મહંત પુ.બટુકગીરી બાપુની નિશ્રામાં શ્રાવણી પર્વની ઉજવણી થઈ રહી છે.ભક્તોમાટેફળહારસહિતવ્યવસ્થારાખી છે. લોકો દર્શન પ્રસાદનો લાભ લઈ રહ્યા છે.

### ભારતના મહાન ધર્મવક્તા શ્રી નરેશભાઈ રાજ્યગુરુ

ભાવનગર,
ભારતના મહાન ધર્મવક્તા શ્રી નરેશભાઈ રાજ્યગુરુએ પ્રજામાનસમાં ધર્મનું સિંચન કર્યુ છે અને ધર્મ અને તે પ્રમાણે જીવન પ્રણાલીનું ઘડતર થાય તો અવશ્ય મનુષ્ય જીવન સાર્થક બની શકે તેમ જણાવ્યું હતુ.અને ધર્મ ચેતના ના દર્શન કરાવ્યા હતા. દેશ વિદેશમાં નામના મેળવનાર શ્રી રાજ્યગુરુ અભ્યાસુ છે.સાથે સાથે લોક જાગૃતીના પ્રહરી બની સેવા આપે છે.હાલ નરેશભાઈ અને તેનો પરીવાર રાધા કૃષ્ણ મંદિર ભાયાંદર મુંબઈ ખાતે સ્થાયી થયેલ છે તેમ મનીષ દવે એ જણાવ્યું છે.

### જ્યાં કદી કોઈ ખાલી જતુ નથી તે પાળીયાદની જગ્યા

ભાવનગર,(મનીષ દવે)બોટાદથી ૧૫ કીમી દુર પાળીયાદ ગામે દેહાણ જગ્યા આપા વિસામણની આવેલ છે હાલ પુજ્ય નીમર્ળાબા સેવા આપી રહ્યા છે. અહી અન્નક્ષેત્ર અને સાધુ સંતની સેવા જરૂરીયાત મંદ લોકોની સેવા સાથે ભોજન વસ્ત્ર વૈદકીય સારવાર પુરી પાડવામાં આવે છે.પાળીયાદ જગ્ત્રાના અનેક પર્ચાઓ છે.અહિ સદાવ્રત પણ ચાલે છે આમ આપા વિસામણની જગ્યા ધર્મને ઉજાગર કરી લોક સેવામાં પણ ખડે પગે રહે છે.જગ્યાના વ્યવસ્થાપ તરીકે પુ.ભઈલુબાપુ સુકાન સંભાળી રહયા છે.

### પહેલા પાનાનું

### મોડેલ ગામ

સાવરકુંડલા તાલુકા ગ્રામ સેવા મંડળ કે જે સ્વાતંત્રય સેનાનીઓ અને પ્રથમ હરોળના રચનાત્મક આગેવાનો સ્વ.લલ્લુભાઈ શેઠ, સ્વ.અમુલખભાઈ ખીમાણી અને સ્વ.કેશુભાઈ ભાવસાર સ્થાપીત ટ્રસ્ટ છે. તેના વર્તમાન કાર્યવાહકો શ્રી મનુભાઈ ખીમાણી, શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી, શ્રી દિપકભાઈ શેઠ, શ્રી વિનુભાઈ રાવલે સ્વીકારેલ છે. ધારાસભ્યશ્રી અને ગ્રામજનો વચ્ચે સહયોગ કરી સેતુબની આ સંકલ્પને સિધ્ધ કરવા શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી, શ્રી રમેશભાઈ શ્યોરા અને શ્રી ભુપતભાઈ એખાત્રી આપેલ છે.''ઘરનું પાણી ઘરમાં'' ઝુંબેશ માટેની આજની આ પ્રયોગરૂપ પ્રથમ ડેડકડી ગામની ગ્રામ સભામાં શ્રી દિપકભાઈ માલાણી-ચેરમેનશ્રી એ.પી.એમ.સી. સાવરકુંડલા, શ્રી જીવનભાઈ વેકરીયા-પ્રમુખશ્રી તાલુકા ભાજપ સાથે રહી શ્રી દિપકભાઈ માલાણીએ પોતાનો સંદેશો આપતા જણાવેલ છે કે ઘર-ફળીયાનું પાણી રોકવા માટે ધારાસભ્યશ્રીએ સામે ચાલીને કરેલ પહેલનું ઉદાહરણ આપી એક જવાબદાર ચુંટાયેલા જન પ્રતિનીધીની કામગીરીનો વ્યાપ કેવો અને કેટલો બહોળો હોવો જોઈએ તે બતાવે છે. ધારાસભ્યશ્રીનું કામ માત્ર સી.સી.રોડ, બાંધકામો કે સરકારી ઓફીસોમાં ભલામણો કરવી એટલુ છે. તે સંકુચીત વ્યાખ્યામાંથી બહાર આવવાનું આ કામ છે. સાથે આ વરસાદી પાણી રોકવાથી આ જ ગામમાં ૨૫-૩૦ વર્ષો પહેલા પચાસ સાંઈઠ ફુટે ડંકીઓ ચાલતી હતી તે સ્થીતી આવશે. ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાળાએ ગ્રામજનોને પોતાનો સંદેશ આપતા કહેલ કે તમે જો આ કામ કરશો તો ભાવી પેઢીને એક અમુલ્ય વારસો આપવાનું કામ બરાબર કામ કરો છો. સાથે પાણીની સમસ્યા, પાણીનું ભવિષ્ય વિ. બાબતોનો ઉલ્લેખ કરી વિસ્તૃત માર્ગદર્શન આપેલ અને સાથે આ કામ માટે થનાર ખર્ચની બાબતે હું તમારી સાથે છુ.ની આશ્વાસન આપી ગ્રામજનોએ તેની ચિંતા નથી કરવાની હૈયા ધારણા આપેલ છે. શરૂઆતમાં શ્રી મનુભાઈ ખીમાણીએ આજની આ ગ્રામ સભાના ઉદેશની ભુમીકા આપી આ કામમાં જોડાવા અપીલ કરેલ ત્યારબાદ શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી અને શ્રી દિપકભાઈ શેઠે આપણાં જ ઘરના અને ગામના વરસાદી પાણીને રોકવાની આજના સમયની જરૂરીયાત અને આરોગ્યપ્રદ ઓછા ક્ષાર અને ટી.ડી.એસ. વાળા પાણીનો સોર્સ આપણા સમુહ શકિતથી જ કરવા જણાવી આ કામ માટે શ્રી ગ્રામ સેવા મંડળ સાવરકુંડલા, ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાળાની સાથે રહી સફળ બનાવશે અને તેમની આવી પહેલને બિરદાવી આવકારેલ.

### પહેલા પાનાનું

### કામચોરી કરનાર

પાનસેરીયાએ જણાવ્યું કે, પ્રદેશમાં રહી શિક્ષકો કામચોરી કરતા હોય જેની તપાસ કરવા આદેશ કરાયો છે. રાજ્યભરમાં કોઈપણ સ્થળે આવા શિક્ષકો પકડાશે તો કડક કાર્યવાહી કરવા પણ આદેશ આપ્યો છે. આ અંગે સરકાર દ્વારા જરૂરી તમામ પગલા ભરાશે તેમ શ્રી પ્રફુલ પાનેસરીયાએ જણાવ્યું છે. શ્રી પાનસેરીયાએ વધુમાં જણાવ્યું હતું કે શિક્ષકોમાં હાજરી પુરવા હવે નવી જીપીએસ સીસ્ટમ રાજ્યભરમાં અમલી બનાવાશે તેમ શ્રી પ્રફુલ પાનસેરીયાએ જણાવ્યું છે.

## ગીરસોમનાથ પંથકના વિવિધ વર્તમાન

ગીરસોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

# ઉનાના કાજરડીમાં સેમિનાર યોજતી પોલીસ ટીમ

**વિદ્યાર્થીને ગુડ ટચ અને બેડ ટચ અંગે સમજણ અપાઇ**



ગીરસોમનાથ,ઉના પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એમ.એન.રાણોની સુચના અને માર્ગદર્શન અન્વયે શી-ટીમ ના ઈન્ચાર્જ શ્રી પો.સબ.ઈન્સ આર.એચ. સુવા તથા WPC મનિષાબેન નારણભાઈ તથા WPC હિનાબેન કાળુભાઈ અને PC ઘુઘાભાઈ લખમણભાઈ વાળાઓએ આજરોજ ઉના પોલીસ સ્ટેશન દ્વારા તા.૦૮/૦૮/૨૦૨૪ ના રોજ કાજરડી ગામે જઈ જુની પ્રાથમિક શાળા ખાતે શી-ટીમની કામગીરી કરવામાં આવી હતી. તથા કાજરડી જુની પ્રાથમીક શાળાના શિક્ષક સ્ટાફ સાથે મળી ધોરણ ૫ થી ૯ સુધીની બાળાઓ ને પેમ્ફલેટ/બુકલેટ તથા ડેમો લેક્ટચર આપી ગુડ ટચ અને બેડ ટચ નો સેમીનાર કરી બાળકીઓમાં જાગ્રુત્તિ આવે તે હેતુથી ગુડ ટચ અને બેડ ટચ અંગેના સેમીનારનું આયોજન કરવામાં આવેલ હતું.

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

# મુખ્યમંત્રીએ સાસણમાં તસ્વીર પ્રદર્શન ખુલુ મુકયું

**ગીર વન્ય પ્રાણી સૃષ્ટિ અને પ્રાકૃતિક સૌંધ્ર્ય નિહાળી અભિભુત થયાં**

જૂનાગઢ , મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાસણ ખાતે 'વિશ્વ સિંહ દિવસ'ની ઉજવણીમાં સહભાગી બન્યા હતા. આ અવસરે તેમણે ગીરની જૈવ વિવિધતા અને સાંસ્કૃતિક ધરોહરને ઉજાગર કરતી તસવીરોની પ્રદર્શનીને 'સિંહ સદન' ખાતે બનાવવામાં આવેલી પ્રદર્શનીને ખુલ્લી મૂકી હતી. મુખ્યમંત્રીશ્રીએ વન વિભાગના કર્મચારીઓ અને સૌરાષ્ટ્રના વન્ય પ્રાણી તસવીરકારોએ ગીરની વન્યપ્રાણી સૃષ્ટિ અને પ્રાકૃતિક સૌંદર્યને દર્શાવતી તસવીરો નિહાળી હતી. આમ, મુખ્યમંત્રીશ્રી તસવીરોના માધ્યમથી ગીરની આગવી વન્ય પ્રાણીસૃષ્ટિ અને સંસ્કૃતિથી અવગત થયા હતાં.મુખ્યમંત્રીશ્રી સાથે રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી શ્રી મૂળુભાઈ બેરા, સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમા, જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુંમર, ધારાસભ્ય સર્વશ્રી દેવાભાઈ માલમ, ભગવાનજીભાઈ કરગઠીયા, ભગવાનજીભાઈ બારડ, અરવિંદભાઈ લાડાણી, પૂર્વ મેયર ગીતાબેન પરમાર, પૂર્વ ડેપ્યુટી મેયર ગીરીશભાઈ કોટેચા, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી કિરીટભાઈ પટેલ, શહેર ભાજપ પ્રમુખ શ્રી પુનિતભાઈ શર્મા, ગીર સોમનાથના જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ પીઠિયા, જૂનાગઢ કલેકટર શ્રી અનિલકુમાર રાણાવસિયા, વન વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ સહિતના મહાનુભાવો આ તસવીર પ્રદર્શનીની મુલાકાતમાં જોડાયા હતા.નાયબ વન સંરક્ષક શ્રી મોહન રામે મુખ્યમંત્રીશ્રીને ગીરના વન્યપ્રાણી જીવો અને ગીરની આગવી વિશેષતાઓ વિશે તસવીરોના માધ્યમથી જાણકારી આપી હતી. ઉલ્લેખનીય છે કે, ગીર જંગલ જૈવ વિવિધતાનું મોટું કેન્દ્ર છે, ત્યારે અહીં એશિયાટિક સિંહો ઉપરાંત દિપડા, ચિત્તલ અને ભાગ્યે જ જોવા મળતી તામ્રવર્ણ, ટપકાંવાળી બિલાડી, પક્ષીઓમાં ગીધ, રાજ ગીધ, ચિલોત્રો વગેરેની તસવીરો પ્રદર્શિત કરવામાં આવી છે.

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

# કચ્છ જિલ્લામાં હર ઘર તિરંગાની થીમ ઉપર રંગોળી તૈયાર કરાઇ



ભુજ,
કચ્છ જિલ્લામાં ૧૩ ઓગસ્ટ સુધી હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત તિરંગા યાત્રાના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર કચ્છ જિલ્લામાં આવેલી વિવિધ શાળાઓ, હાઈસ્કૂલોમાં તિરંગાની થીમ ઉપર વિવિધ રંગોળી તૈયાર કરવામાં આવી રહી છે. આવી જ એક સુંદર રંગોળી જિલ્લા સેવાસદન, જિલ્લા કલેક્ટરશ્રીની કચેરી ખાતે શ્રી કચ્છી લેઉવા પટેલ કન્યા વિદ્યામંદિર હરિપર ભુજની બાલિકાઓ દ્વારા તૈયાર કરવામાં આવી છે. નિવાસી અધિક કલેક્ટરશ્રી મિતેશ પંડ્યાએ કલેક્ટર ઓફિસ પરિસરમાં સુંદર રંગોળી તૈયાર કરવા બદલ બાલિકાઓના ઉજ્જવળ ભવિષ્યની કામના કરીને તેમની કલાને બિરદાવી હતી. આ પ્રસંગે ભુજ પ્રાંત અધિકારીશ્રી અનિલ જાદવ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી મેહુલ દેસાઈ, એજ્યુકેશન ઈન્સ્પેક્ટરશ્રી પૃથ્વિરાજ ઝાલા, મદદનીશ શિક્ષક નિરીક્ષક મૂળજીભાઈ સહિત બાલિકાઓ ઉપસ્થિત રહી હતી.









સત્યમેવજયતે
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ











## મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને દિશાદર્શનમાં ગરીબ કલ્યાણનું અવિરત લક્ષ્ય સાકાર થશે

# રાજયમાં ગરીબ કલ્યાણ મેળાનો ૧૪ સપ્ટેમ્બરથી પ્રારંભ

### પ્રત્યેક જિલ્લામાં એક એમ ૩૩ ગરીબ કલ્યાણ મેળાઓના આયોજનથી ૧૨૫ કરોડ રૂપિયાની ગુણવત્તાયુક્ત કીટ્સનું લાભાર્થીઓને પ્રત્યક્ષ વિતરણ થશે

### ગુરાજત સરકારની કલ્યાણ યોજનાઓના લાભ હાથોહાથ પહોંચાડવા માટે ૨૦૦૯થી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગરીબ કલ્યાણ મેળાનો અભિગમ આપ્યો

અમરેલી,અંતરિયાળવિસ્તારનાવંચિત- ગરીબ લોકો સરકારની કલ્યાણ યોજનાઓના લાભ હાથોહાથ પહોંચાડવા ૨૦૦૯થી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગરીબ કલ્યાણ મેળાનો અભિગમ આપ્યો છેઅત્યાર સુધીમાં યોજાયેલા ૧૩તબક્કાના ૧૬૦૪ગરીબ કલ્યાણ મેળાથી ૧.૬૬ કરોડ ગરીબ- જરૂરતમંદ લોકોને ૩૬૮૦૦ કરોડની સહાય અપાઈ છે.રાજયના ગરીબ વર્ગો અનેઅંતરિયાળવિસ્તારોનાવંચિતલોકો સુધીસરકારની કલ્યાણ લાભહાથોહાથ પહોંચાડતા ગરીબ કલ્યાણ મેળાની ૧૪મી કડી આગામી સપ્ટેમ્બર- ૨૦૨૪માંયોજાશે.મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલનાનેતૃત્વઅનેદિશાદર્શનમાંગરીબ કલ્યાણનું અવિરત લક્ષ્ય સાકાર કરવા દરેક જિલ્લામાં એક-એક એમ કુલ ૩૩ ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન રાજ્ય સરકાર દ્વારા થવાનું છે.

#### થોડા દિવસ પહેલા વિજ શોકથી ગાયનું મોત થતાં પીજીવીસીએલ દ્વારા વિજ સલામતી માટે એક નવું કદમ

## અમરેલીના કુંડલા રોડે ટ્રાન્સફોર્મર ફરતે નવી ડિઝાઇન સાથે ફેન્સીંગની કામગીરી કરાવાઇ

### વિજ શોક ન લાગે તે માટે આયોજન : ટ્રાન્સફોર્મરને કલર તથા નવા જમ્પરની તથા નવા અર્થિંગની કામગીરી પીજીવીસીએલએ તાત્કાલીક જ હાથ ધરી



અમરેલી,

અમરેલી પીજીવિસીએલ દ્વારા વીજ સલામતી નાં ભાગ રૂપે નવી કામગીરી જોવા મળેલ. સાવરકુંડલા રોડ ઉપર આવેલ ટ્રાન્સફોર્મર નાં ફરતે નવી ડીઝાઇન સાથે અને વીજ શોક નાં લાગે તેને ધ્યાને ટીસી ની ફરતે ફેંસિંગ ની કામગીરી કરવામાં આવેલ હતી..જે કામગીરી માં અમરેલી માં હમેશાં સારું અને નવું કામગીરી કરતા પીજીવિસીએલ નાં નાયબ ઈજનેર કાલાણી સતત વહેલી સવારથી કામગીરી શરૂ કરાવતા જોવા મળેલ હતા.તેમના દ્વારા ટ્રાન્સફોર્મર ને કલર કામગીરી નવા જંપર ની કામગીરી કરાવતા જોવા મળેલ હતા.તેમને રૂબરૂ વધુ માહિતી આપતા જણાવેલ કે વીજ સલામતી અને મુંગા પશુ ની સલામતી માટે નવા અર્થીંગ ની કામગીરી અને ટ્રાન્સફોર્મર ફરતે કોઈ પણ માનવી કે પશુ ને વીજ શોક થી બચાવ કરી શકાય તે રીતની કામગીરી કરવામાં આવેલ.. આ વિસ્તાર માં થોડા સમય પહેલા ગાય ને વીજ શોક લાગેલ હોય.. ફેનસિંગ ની કામગીરી કરવામાં આવેલ છે અને આ માટે એક નમૂના નાં ભાગે આ પ્રકારની સલામતી ની કામગીરી કરવામાં આવેલ છે.

#### ૬૮મી એસજીએફઆઇની જિલ્લા કક્ષાએ સ્પર્ધા યોજાતા

## અમરેલીમાં શ્રી ગજેરા કેમ્પસના ખેલાડીઓ જિલ્લા કક્ષાએ હેન્ડબોલ સ્પર્ધામાં ઝળકયા

### સંસ્થાના પ્રમુખ વસંતભાઇ ગજેરા સહિતે વિદ્યાર્થીઓને બિરદાવી શુભકામના પાઠવી





અમરેલી,

શ્રીમતી એસ.એચ.ગજેરા કેમ્પસ ખાતે અમરેલી જિલ્લા કક્ષા સ્કૂલ ગેમ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા ફેંડબોલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ જેમાં શ્રીમતી એસ.એચ.ગજેરા સ્કૂલ, જ્ઞાન શક્તિ રે.સ્કૂલ ઓફ એકસેલન્સ અને જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ તેમજ અમરેલી જિલ્લાની અન્ય શાળાઓ માથી ભાઈઓ તથા બહેનો એમ બંને માટે અલગ સ્પર્ધાનું આયોજન કરેલ જેમાં બહોળી સંખ્યામાં સ્પર્ધકોએ ભાગ લીધેલ હતો.આ કાર્યક્રમમાં કેમ્પસ ડાયરેકટરશ્રી વસંતભાઈ પેથાણી, જિલ્લા રમત વિકાસ અધિકારી પૂનમબેન ફૂમકીયા તેમજ ગુજરાત વ્યાયામ મંડળના પ્રમુખ ઉપસ્થિત રહ્યા હતા. અખિલ ભારતીય શાળાકીય અમરેલી જિલ્લા કક્ષા હેન્ડબોલ સ્પર્ધામાં વીનર ટીમ ૦-૧૪ ભાઈઓ ચેમ્પિયન ૧૨૧.૫૫ ટીમ (પ્રથમ નંબર) અને ૧-૧૪ બહેનો ૧૦.૫૫ ટીમ (પ્રથમ નંબર) મેળવેલ, ૧૧-૧૪ ભાઈઓ જ્ઞાનશક્તિ ટીમ (તૃતીય નંબર) અને ૦-૧૪ બહેનો જ્ઞાનશકિત ટીમ (તૃતીય નંબર) મેળવેલ, ૧-૧૭ ભાઈઓ ચેમ્પિયન ૧.૫૫ ટીમ (પ્રથમ નંબર) અને ૦-૧૭ બહેનો ચેમ્પિયન ૧૧.૫૫ ટીમ (પ્રથમ નંબર) મેળવેલ, તેમજ ૧૧-૧૯ ભાઈઓ ચેમ્પિયન ૧૨૧.૫૫ ટીમ (પ્રથમ નંબર) અને ૧-૧૯ બહેનો ચેમ્પિયન ૧૨૧.૫૫ ટીમ (પ્રથમ નંબર) પર વીન થયેલ. નોધનિય કે શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસમાં રમત ગમત માટે દરેક વિદ્યાર્થીને સ્પોર્ટ્સમાં મહત્વનુ પ્લેટફોર્મ પુરૂ પાડવામાં આવે છે. વિજેતા તમામ ખેલાડીઓને સંસ્થાના પ્રમુખશ્રી વસંતભાઈ ગજેરા, મંત્રીશ્રી ચતુરભાઈ ખૂંટ, મંત્રીશ્રી મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેક્ટરશ્રી વસંતભાઈ પેથાણી અભિનંદન પાઠવ્યા હતા.

## બગસરામાં ૫૦ બિલીના વૃક્ષનું રોપણ કરાયું



બગસરા, (રૂપેશ રૂપારેલિયા) એકપેડ માકેનામ ના અનુસંધાને શ્રી સમસ્ત ઔદિચ્ય બ્રહ્મ સમાજ બગસરા ના નેજા હેઠળ બગસરા ના સેવાભાવી સેવા ના ભેખધારી એવા સ્વર્ગસ્થ શ્રી કરુણાશંકર દાદા દીક્ષિત (કૂણાં દાદા) ની સેવાની નોંધ લઈ પરશુરામ ભગવાન ના પ્રાંગણમાં એક વૃક્ષ કુણા દાદા કે નામ એવી રીતે ૫૦ બિલીના વૃક્ષો વાવી અને પવિત્ર શ્રાવણ માસ શરૂ થાય છે તેમની ઉજવણીના ભાગરૂપે માસિક શિવરાત્રી ની તિથિ ના અનુસંધાને સામાજિક વનીકરણ અને પર્યાવરણ ના વિકાસ અને લાભાલાભો માટે શ્રી ઔદીચ્ય બ્રહ્મ સમાજ બગસરા દ્વારા આ ૫૦ બિલ્લીના વૃક્ષો વાવી કરુણાશંકર દાદા દીક્ષિત બિલ્વ વન એવા નામનું નામાધીકરણ કરી અને શ્રી સમસ્ત ઔદિચ્ય બ્રહ્મ સમાજ કારોબારી સભ્ભ્યો દ્વારા તેમને ઉછેરવાની અને આવા બીજા યુનિટો સમયાંતરે ઊભા કરી અને સરકારશ્રી સમાજ અને દેશના પર્યાવરણમાં એક નાનકડું ઉમદા કાર્ય કરી અને પર્યાવરણ બચાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

#### પાલિતાણા શેત્રુંજી વન્ય જીવ વિભાગ દ્વારા વિશ્વ સિંહ દિવસ નિમિતે

## અમરેલીમાં જુદી જુદી શાળાઓના વિધાર્થીઓની રેલી યોજાઇ

### બાલભવનમાં રેલી સભાના રૂપમાં આવતા અધિકારીઓએ સિંહ વિશે માર્ગદર્શન આપ્યું



અમરેલી,

પાલિતાણા શેત્રુંજી વન્ય જીવ વિભાગ દ્વારા વિશ્વ સિંહ દિવસ નિમિતે અમરેલીમાં જુદી જુદી શાળાઓના વિધાર્થીભાઈ બહેનોની રેલીને પ્રસ્થાન કરાવેલ. જે રેલી સભાના રૂપમાં અમરેલી બાલભવનના મેદાનમાં ફેરવાય હતી. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને પ્રાંત અધિકારી શ્રી નાકીયા, આરએફઓ શ્રી ગેલાણી, જયોતિબેન, જીલ્લા કો.ઓ. અજીતસિંહ ગોહિલ, કન્વીનર કેતનભાઈ જોશી, વિપુલભાઈ વ્યાસ, જીલ્લા શિક્ષણ અધિકારી શ્રી ગોહિલ, નગરપાલિકા શિક્ષણ સમિતિના ચેરમેન તુષારભાઈ જોશી, મુંકુંદભાઈ મહેતા, રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ માધ્યમિક વિભાગના પ્રમુખ ભરતભાઈ મકવાણા, બાલભવનના ડાયરેકટર નિલેશભાઈ પાઠક, દિનેશભાઈ ત્રિવેદી, વનવિભાગના કર્મચારીઓ, શિક્ષકો ઉપસ્થિત રહયા હતા. આ પ્રસંગે આર.એફ.ઓ. શ્રી ગેલાણીએ જણાવેલ કે સિંહો માટે ઘણા કવિ અને લેખકોએ લખ્યું છે. ગુજરાત રાજયના ૧૧ જીલ્લાઓમાં આજે વિશ્વ સિંહ દિવસ નિમિતે રેલી અને વકતૃત્વ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ છે. અગાઉ રાજયમાં ૨૦૨૦ માં થયેલ વસ્તી ગણતરીમાં ૬૭૪ સિંહો હતા. હવે જયારે સિંહોની નવી વસ્તી ગણતરી કરવામાં આવશે ત્યારે જુનાગઢ જીલ્લા કરતા પણ અમરેલી જીલ્લામાં સિંહોની વસ્તી વધારે હશે. દરીયાઈ કોસ્ટલ વિસ્તાર અને અન્ય જીલ્લાઓમાં પણ ગીર ટુંકુ પડતા સિંહોએ વસવાટ વધાર્યો છે. ઈન્ફાઈટમાં ઘાયલ થતા વન્ય પ્રાણીઓ માટે વનવિભાગ દ્વારા વન્ય પ્રાણીની હોસ્પિટલો અને ડોકટરો પણ છે.આ પ્રસંગે અજીતસિંહ ગોહિલે જણાવેલ કે વિશ્વ સિંહ દિવસ ની ઉજવણી આફ્રીકામાં શરૂ થયેલ.૧૯૧૩ માં આપણા જંગલમાં માત્ર ૧૩ સિંહો હતા. અને અંગ્રેજોના શાસનમાં સિંહોનો શિકાર થતો હતો. ત્યારબાદ સિંહોનો શિકાર થતો અટકાવવા માટે જુનાગઢના નવાબે સિંહોના શિકાર ઉપર પ્રતિબંધ ફરમાવ્યો હતો.કોઈ જીવના અંગનો વેપાર થાય ત્યારે તેની વસ્તી ઉપર જોખમ રહે છે. આજે વિધાર્થીઓમાં સિંહો પ્રત્યેની જાગૃતિનો દિવસ છે. નર સિંહનું વિસ્તાર ૩૫ થી ૪૦ કિ.મી. થાય છે. આજે સિંહોની વસ્તી વિસ્તરી છે. સિંહ સિવાય કોઈ પ્રાણીને રાજાની ઉપાધી મળી નથી. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી પ્રાંત અધિકારી શ્રી નાકીયાએ જણાવેલ કે સિંહોનું સાહિત્યમાં પણ સ્થાન મળેલ છે.આપણે પ્રકૃતિનો ભાગ છે.માટે તેનું જતન કરવાની આપણી જવાબદારી બને છે.કાર્યક્રમના ઉદઘોષક નુતન સ્કુલના શિક્ષક યોગેશભાઈ તૈરેયા દ્વારા કરવામાં આવેલ.

## શ્રધ્ધા સાથે કરેલ અનુષ્ઠાન ઉતમ ફળ આપશે

અમરેલી,

ધર્મજાગરણ સમન્વય અમરેલી ધ્વારા સનાતન ધર્મના ઉતમ સનાતન શાસ્ત્રોનુસાર હિન્દુ ધર્મનો પવિત્રમાસ એટલે શ્રાવણમાસ જે તપ, જપ, દાન માટેનો શ્રેષ્ઠમાસ ગણાય છે. વર્ષ ૨૦૨૪ તા. ૫/૮/૨૪ થી પવિત્ર શ્રાવણમાસનો પ્રારંભ એટલે યુગાબ્દ ૫૧૨૬, વિક્રમ સંવંત ૨૦૮૧ પુગ સંધીકાળ ચાલી રહયો છે. આ માસ માં શ્રેષ્ઠ સિધ્ધયોગ, અમૃત સિધ્ધયોગનુ અનોખુ મીલન છે. વળી પ્રવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ સોમવારથી થઈ રહ્યો છે. અને પૂર્ણ પણ સોમવારના રોજ થઈ રહયો છે. આ મહાયુતિ છે. આ વિશેષ સંયોગમાં સાધનાનું મહત્વ ખુબ વધી જાય છે તેમજ પુર્ણ કળ આપ નાર છે. શ્રી હનુમાનજી મહારાજની કૃપા વધુ વરસે તેવા ઉતમ યોગો મિશ્રિત થયેલ છે. આ પવિત્ર શ્રાવણમાસમાં હનુમાનજી મહારાજની ભકિત, અનુષ્ઠાન અનેક ગણુ ફળ આપનાર છે. બળ, બુધ્ધિ, વિધા, ધન તથા મનોકામના પુર્ણ કરનાર કલીયુગમાં આ એકજ દેવ અજર અમર છે. આ પ્રવિત્ર માસમાં હનુમાન ચાલીશાના ૧૫૧ પાઠનું સામુહિક અનુષ્ઠાન વિશેષ ફળ આપનાર છે. તેમાય સામુહિક રીતે મંદિરમાં અનુષ્ઠાન ખુબજ ફળદાઈ છે. કારણ કે મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા થયેલ હોય છે. શ્રાવણ સુદ એકમથી અમાસ સુધી નિયમિત સામુહિક રીતે હનુમાન ચાલીશાના પાંચ વખત પાઠ કરવા જેથી પ્રવિત્ર શ્રાવણમાસમાં ૧૫૧ પાઠનું અનુષ્ઠાન થઈ શકે છે. તો આપણે આપણી નજીકના મંદિરમાં આ શ્રેષ્ઠ અનુષ્ઠાનનું આયોજન કરીએ. જો આપની સોસાયટી, એપાર્ટમેન્ટમાં મંદિર નહોય તો હનુમાનજીનો ફોટો મુકી દિપક કરી શુશોભન કરી સામુહિક પાઠ કરી શકાય, આપના પરીવાર પર આવી રહેલી કોઈપણ વ્યાધી આખા વર્ષ દરમ્યાન ન આવે તેવો આ સિધ્ધયોગ ખુબજ ફળદાયી બની રહેશે. જે આ પવિત્ર કાર્યને પોતીકુ ગણી આયોજન તેમજ રસ ધરાવતા હોય તેમણે નીચેના નંબરનો સર્પક કરવો જરૂરી માર્ગદર્શન આ બાબતે આપવામાં આવશે દરેક હિન્દુ ને હદયપુવર્ક આ પવિત્ર જનકલ્યાણ અનુષ્ઠાનમાં જોડાવા નમ્ર અપીલ કરવામા આવે છે. સંપર્ક:-શ્રી ભીખુભાઈ અગ્રાવત ધર્મજાગરણ ૮૭૮૦૬૦૨૮૨૫ પુ. સંતશ્રી રામમનોહરદાસ બાપુ (ગીરીયા આશ્રમ)...૯૪૨૮૬૨૧૮૫૧ પુ.સંતશ્રી જયકિશનદાસબાપુ (પીપળેશ્વર મહાદેવ).. ૯૯૧૩૪૯૭૯૯૫ પું સંતશ્રી હાર્દિકગીરીબાપુ (નાગદેવતા મંદિર) ૯૬૩૮૧૧૭૩૦૦ આ પવિત્ર કાર્વ અનુષ્ઠાન નીચેના મંદિરોમાં થશે તો આપત્યા જોડાઈ શકે જે અને પોતાના સકલ્પ સિધ્ધ કરી શકે છે. (૧) શ્રી નાગદેવતા મંદિર પોલીશ સ્ટેશન પાછળ .૯૬૩૮૧૧૭૩૦૦ (૨) શ્રી પીપળેશ્વર મંદિર પાણી દરવાજા ૯૯૧૩૪૯૭૯૯૫ (૩) નિલકંઠ મહાદેવ ચોરાપા (૪) ઓમકારેશ્વર મહાદેવ ઓમનગર (૫) સુખનાથ મહાદેવ સુખનાથપરા (૬) રામજી મંદિર બીનાકા ચોક (૭) ઝુપડીવાળા હનુમાનજી જેસીગપરા (૮) બહુચરાજી મંદિર ટાવર પાસે (૯) બ્રહમેશ્ર્વર મંદિર બ્રાહમણ સોસાયટી (૧૦) રામેશ્વર મહાદેવ વૃંદાવનચાર્ક (૧૧) હઠીલા હનુમાન મંદિર (૧૨) રામજી મંદિર આનંદનગર હજુપણ અન્ય મંદિર સંપર્ક કરી આ પવિત્ર કાર્ય માં સહભાગી બનશે.

-ભીખુભાઈ અગ્રાવત

## અમરેલીમાં પશુ સંરક્ષણ અધિનિનિયમ હેઠળનાં આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકતી કોર્ટ



અમરેલી,

અમરેલી શહેર પોલીસ દ્વારા આરોપી અક્રમ હાજીભાઈ સોલંકી ઉપર પશુ સંરક્ષણ અધિનિયમની કલમો મુજબ તા.૧૪-૯-૨૦૧૯નાં ૪૦ કીલો મટન ગૌવંશનું રૂ.૩૨૦૦ના મુદ્દામાલ સાથે પોલીસે અટકાયત કરી કેસ દાખલ કરેલ અને કોર્ટમાં ચાર્જશીટ કરેલ જે કેસ અમરેલી ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ કોર્ટમાં ચાલી જતા તા.૫-૮-૨૪નાં આરોપી અક્રમ હાજીભાઈ સોલંકીને કોર્ટે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કર્યો હતો. આરોપી તરફે એડવોકેટ એ.યુ.અહેલે તથા ઔવિમેશ અહેલેની દલીલોને કોર્ટે ગ્રાહ્ય રાખી ચુકાદો આપ્યો હતો.

#### ૨૦૨૧ની સાલમાં બનેલી ઘટનામાં સેશન્સ કોર્ટનો ચુકાદો

## અમરેલીમાં પરણીતાને આપઘાત માટે મજબૂર કરનાર પતિને ત્રણ વર્ષની કેદ

### અમરેલીની સેશન્સ કોર્ટે જિલ્લા સરકારી વકીલ શ્રી મમતાબેન ત્રિવેદીની દલીલો માન્ય રાખી આરોપીને સજા ફટકારી

અમરેલી,

અમરેલીમાં તારીખ ૭ એપ્રિલ ૨૦૨૧ ના એસિડ પી આપઘાત કરી લેનાર પરણીતા ના પતિ ને આપઘાત માટે મજબૂર કરવાના ગુનામાં કોર્ટે ત્રણ વર્ષની સજા ફટકારી છે આ ઘટનાની વિગતો એવા પ્રકારની છે કે અમરેલીના બાબાપુર ગામના વતની અને હાલ ચિતલ રોડે સર્વોદય સોસાયટીમાં રહેતા કંચનબેન કાળુભાઈ આલાભાઈ ચાવડા એ તારીખ ૭ ૪ ૨૦૨૧ ના રોજ એસીડ પી લીધું હતું અને તેમના ભાઈને ફોન કરીને જાણ કરી હતી કે મારા ઘરવાળાએ મને મોઢું બતાવતી નહીં તેમ કહેતા મેં એસિડ પી લીધું છે આથી તેમના પિયરીયા અમરેલી દોડી આવ્યા હતા જયાં તેમના પતિ એ તેમને સારવાર માટે સિવિલમાં ખસેડી હતી અને સારવાર ચાલુ હતી કંચનબેન ને વધુ સારવાર માટે રાજકોટ ખસેડાયા હતા જયાં તેમનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું આ ઘટના અંગે મરનાર કંચનબેન ના ભાઈ પ્રેમજીભાઈએ તેના પતિ કાળુભાઈ આલાભાઈ ચાવડા સામે પોતાની બહેનને ત્રાસ આપી મરવા માટે મજબૂર કર્યાનો ગુનો અમરેલી શહેર પોલીસમાં નોંધાવતા પી.આઈ શ્રી જે જે ચૌધરીએ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી કરી હતી આ કેસ અમરેલીની સેશન્સ કોર્ટમાં ચાલી જતા જિલ્લા સરકારી વકીલ શ્રી મમતાબેન ત્રિવેદીએ આરોપીને સખત સજા કરવાની કરેલી દલીલો અને રજૂ કરેલા પુરાવાઓ માન્ય રાખી ડિસ્ટ્રિક્ટ અને સેશન્સ જજ શ્રી બુખારી એ મરનાર કંચનબેન ને મરવા માટે મજબૂર કરી અને ગુનામાં આરોપી કાળુભાઈ ચાવડાને ત્રણ વર્ષની સજા અને ત્રાસ આપવાના ગુનામાં એક વર્ષની સજા તથા કુલ ૪૦૦૦ નો દંડ ફટકાર્યો હતો.

## બાબરા પો. સ્ટે. ના મારામારી અને છેડતીના ગુનામાં આરોપીના જામીન મંજુર કરતી કોર્ટ

### એડવોકેટ એચ. એમ. રાઠોડની દલીલો ગ્રાહય રાખી



પ્રતાપપરા, (ગીરી ન્યુઝ)

બાબરા પોલીસ સ્ટેશનમા ગુ.ર.નં. ૧૧૯૩૦૦૮૨૪૦૩૩૦/૨૪થી નોંધાયેલા મારામારી અને છેડતીના ગુનામાં સંડોવાયેલા આરોપીનાં જામીન કોર્ટ દ્વારા મંજુર કરવામાં આવ્યા છે. બાબરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ફરીયાદ બી.એન.એસ. અધિનિયમ સેક્શન ૩૫૨, ૧૧૫, ૩૫૧, ૭૪, ૫૪ મુજબ આરોપીઓ સામે આક્ષેપ થયેલ જેમાં આરોપીઓને કોર્ટમાં રજુ કરતા સરકાર તરફે સરકારી વકીલ (એપીપી) ની દલીલો સાંભળ્યા બાદ બચાવ પક્ષ તરફે એડવોકેટ એચ.એમ.રાઠોડની દલીલો કોર્ટે સાંભળ્યા બાદ શ્રી એચ.એમ. રાઠોડની દલીલો ગ્રાહય રાખી આરોપીઓને જામીન પર મુક્ત કરવા હુકમ કર્યો હતો.

## કેરિયાનાગસના યુવાને બિમારીથી કંટાળી અમરેલીમાં ઝેરી દવા પીધી

### સારવાર માટે યુવાનને દવાખાને ખસેડાયો

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

અમરેલી તાલુકાના કેરિયાનાગસ ગામના શૈલેષભાઈ અરવિંદભાઈ મેરૈયા ઉ.વ. ૨૯ને છેલ્લા બે મહિનાથી પથ્થરીની બિમારી હોય અને ગાળામાં નસ દબાતી હોય જેનાથી એકબાજુનું શરીર પેરેલીસસની અસર થયેલ ચારેક વર્ષની બિમારી થતાં દવા લઈ કંટાળી જતાં પોતે પોતાની મેળે અમરેલીમાં અનાજમાં નાખવાની ઝેરી દવા પી જતાં સારવાર માટે અમરેલી દવાખાને ખસેડાયેલ છે.

## પાલીતાણામાં જૈન આચાર્ય આનંદ સાગર સુરીશ્વરના જન્મદિને ગુણાનુવાદ સભા

અમરેલી, ૪૫ આગમન ઉદ્ધાર કરનાર આચાર્ય આનંદસાગર સુરીશ્વરના ૧૫૦ માં જન્મદિને જુદા જુદા ૧૦ સમુદાયના આચાર્ય ભગવંતોની ઉપસ્થિતીમાં ગુણાનુવાદ સભા યોજાઈ હતી અને ચાંદીની ગુરુ મુર્તી ઢાળવામાં આવી હતી. કપળવંજના શીલ્પાબેન નીલેશભાઈ દોશીએ માતા પીતા તરીકે પાત્ર ભજવ્યું હતુ. શ્રી નીતીનભાઈ, શ્રી મેનકાબેન, સાગર ચંદ્રસાગર અને સાધવીજીએ ગુરુભક્તોને પ્રેરના આપી હતી. બે પ્રતીમાં અંજનનું મુરત ઓગષ્ટ માસમાં અપાયુ હતુ તેથી તા. ૬ થી ૦ ઓગષ્ટ સુધી કાર્યક્રમનું આયોજન થયું હતુ.

# અમરેલીનાં વિવિધ પ્રશ્ને મુખ્યમંત્રીને રજુઆત કરતા શ્રી રાજુભાઇ મીલન

## ભાજપ કારોબારી સભ્ય રાજુભાઇએ મિલ્કત દસ્તાવેજ સહિત પ્રશ્નો ઉકેલવા માંગ કરી



અમરેલી, મહેસુલ વિભાગ દ્વારા દસ્તાવેજનાં ઈન્ડેક્ષ આધારીત પ્રોપર્ટી કાર્ડમાં નોંધ દાખલા કરવાની સ્પષ્ટ જોગવાઈ સુચવેલ છે. પરંતુ અમરેલી સીટી સર્વે સુપ્રિટેન્ડેન્ટ દ્વારા પાંચ વર્ષથી વધુ સમયથી મિલ્કતનાં રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ, ફારગતી દસ્તાવેજ, ચુક દસ્તાવેજ વગેરેનાં ઈન્ડેક્ષ આધારીત નોંધ કરવામાં અનિયમિતતાઓ દાખવી નોંધ પાડવામાં વિલંબ થઈ રહેલ છે. જેના કારણે જનતાને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય જેથી ત્રાહીમામ પોકારી ઉઠેલ છે. તેમજ રાજ્યનાં મહેસુલ વિભાગ દ્વારા રેવન્યુ એકાઉન્ટ મેન્યુઅલ ગા.ન.નં.૬નીચેના ફકરા - ૩૧ પ્રમાણે સબરજીસ્ટ્રાર અમરેલી કક્ષાએથી રજીસ્ટર દસ્તાવેજની ઈન્ડેક્ષ ઉતારા આધારીત નોંધ (એન્ટ્રી) પાડવા અંગે મહેસુલ વિભાગનાં ઠરાવ નં.સીટીએસ-૧૨૦૦૫-૨૮૦૯-હ,તા.૨૩-૪-૨૦૦૭ થી સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવે છે. આમ છતા સીટી સર્વે સુપ્રિટેન્ડેન્ટ અમરેલી કચેરી દ્વારા છેલ્લા પાંચ વર્ષથી વધુ સમયથી સબ રજીસ્ટ્રાર ઉતારા (ઈન્ડેક્ષ) આધારીત મિલ્કતની નોંધ પ્રોપર્ટી કાર્ડમાં કરવામાં અનિયમિતતાઓ ઉભી કરાતા ભાજપનાં કારોબારી સભ્ય રાજુભાઈ મિલન દ્વારા મુખ્યમંત્રીશ્રીને રજુઆત કરવામાં આવી છે.

### અવસાન નોંધ

સાવરકુંડલા

( ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી સાડા ચારસો બ્રાહ્મણ ) સ્વ શ્રી મગનલાલ નરશિદાસ વ્યાસ ( લાઠી વાળા ) ના સુ.પુત્ર શ્રી કનૈયાલાલ મગનલાલ વ્યાસના ધર્મપત્ની સ્વ. રસીલાબેન નું દુ:ખદ અવસાન તા:૯/૮/૨૦૨૪ ને શુક્રવાર ના રોજ થયેલ છે , તે સ્વ.ગુણવંતરાય તથા સૂર્યકાંત .એમ . વ્યાસના નાના ભાઈના ધર્મ પત્ની તેમજ શ્રી લલિતભાઈ તથા સ્વ. સંદીપભાઈ . એમ . વ્યાસના તથા શ્રી જગદીશભાઈ . ગીરધરલાલ . વ્યાસના ભાભી શ્રી , તેમજ વિજયભાઈ , હિરેનભાઈ , અને પારસબેન ના માતુશ્રી તથા સ્વ. છોટાલાલ.ગોરધનદાસ . મેહતા ના દીકરી થાય, સદગત ની સાદડી તા:૧૨/૮/૨૦૨૪ ને સોમવાર ના રોજ સાંજે ૩:૦૦ થી ૬:૦૦ કલાકે શિવાજીનગર,શ્યામ વાડી, સાવરકુંડલા ખાતે રાખેલ છે. ( પિયર પક્ષ ની સાદડી સાથે રાખેલ છે.

# કેળવણીકાર અને પત્રકાર રમેશભાઇ જોષીના ભાઇ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં સિન્ડીકેટ સભ્ય શ્રી પાર્થિવ જોષીના કાકાનું નિધન : શોક

## જોષી પરિવારમાં વ્યાપી ગયેલો ઘેરો શોક : આજે સદગતનું બેસણું



અમરેલી, મોટા બારમણ શ્રી શિવ શામળિયા શૈક્ષણિક સંકુલના પ્રમુખશ્રી રમેશદાદા જોશીના નાનાભાઈ અને સિન્ડિકેટ સભ્યશ્રી પાર્થિવ જોશીના કાકા રસીકભાઈ જોશી -તાલુકા વિસ્તરણ અધિકારી વલસાડ નું ટૂંકી બીમારી બાદ અવસાન થતાં દુઃખની લાગણી પ્રસરી છે સમગ્ર બારમણ પંથકમાં ઘેરો શોક વ્યાપી ગયો છે. સદગતનું બેસણું આજે રવિવાર તારીખ-૧૧/૦૮/૨૦૨૪ ના સવારે ૯:૦૦ થી સાંજના ૫:૦૦ સુધી મોટાબારમણ તા.ખાંભા મુકામે રાખેલ છે.

---

**મામલતદાર અને તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, બાબરા**

**જન્મ/મરણ પરચુરણ અરજી નં.૩૨/૨૪...............તા.૦૮-૦૮-૨૦૨૪**

વિવાદી :- શ્રી અંજનાબેન દેવજીભાઈ ભાયાણી રહે.વાંડળીયા, તા.બાબરા
વિરૂધ્ધ...પ્રતિવિવાદી : તલાટી કમ મંત્રીશ્રી ગમાપીપળીયા ગ્રામ પંચાયત, તા.બાબરા
અરજદારના વિ.વ.શ્રી જીતેન્દ્ર આર.ગોઠડીયા

**જાહેર નોટીસ**

(જન્મના દાખલા માટે)

આથી લાગતા વળગતાને સર્વે આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે વાંડળીયા ગામના રહીશ આ કામના અરજદારશ્રી પોતે અંજનાબેન દેવજીભાઈ ભાયાણીનો જન્મ તા.૦૧-૦૧-૧૯૬૧ ના રોજ મોજે ગમાપીપળીયા, તા.બાબરા, જી.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય / જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૯-૦૭-૨૪ થી અરજી કરેલ છે. તો આ કામના સામવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૩-૦૯-૨૦૨૪ ના રોજ બપોરના ૧૨:૩૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**બાબરા**

---

**મામલતદાર અને તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, બાબરા**

**જન્મ/મરણ પરચુરણ અરજી નં.૩૬/૨૪...............તા.૦૮-૦૮-૨૦૨૪**

વિવાદી :- શ્રી રેખાબેન હરસુરભાઈ ગાગીયા રહે.જરખીયા, તા.લાઠી
વિરૂધ્ધ...પ્રતિવિવાદી : જન્મ મરણ નોંધણી અધિકારી વાવડીયા ગ્રામ પંચાયત, તા.બાબરા
અરજદારના વિ.વ.શ્રી જીતેન્દ્ર આર.ગોઠડીયા

**જાહેર નોટીસ**

(જન્મના દાખલા માટે)

આથી લાગતા વળગતાને સર્વે આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે વાવડી ગામના રહીશ આ કામના અરજદારશ્રી પોતે રેખાબેન હરસુરભાઈ ગાગીયાનો જન્મ તા.૧૮-૦૫-૧૯૮૭ ના રોજ મોજે વાવડી, તા.બાબરા, જી.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય / જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૩૧-૦૭-૨૪ થી અરજી કરેલ છે. તો આ કામના સામવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૩-૦૯-૨૦૨૪ ના રોજ બપોરના ૧૨:૩૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**બાબરા**

---

**મામલતદાર અને તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, બાબરા**

**જન્મ/મરણ પરચુરણ અરજી નં.૩૩/૨૪...............તા.૦૮-૦૮-૨૦૨૪**

વિવાદી :- શ્રી લક્ષ્મણભાઈ ધનજીભાઈ હીરપરા રહે.વાંડળીયા, તા.બાબરા
વિરૂધ્ધ...પ્રતિવિવાદી : જન્મ મરણ નોંધણી અધિકારી વાંડળીયા ગ્રામ પંચાયત
અરજદારના વિ.વ.શ્રી જીતેન્દ્ર આર.ગોઠડીયા

**જાહેર નોટીસ**

(જન્મના દાખલા માટે)

આથી લાગતા વળગતાને સર્વે આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે વાંડળીયા ગામના રહીશ આ કામના અરજદારશ્રી પોતે લક્ષ્મણભાઈ ધનજીભાઈ હીરપરાનો જન્મ તા.૦૧-૦૪-૧૯૬૯ ના રોજ મોજે વાંડળીયા, તા.બાબરા, જી.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય / જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૯-૦૭-૨૪ થી અરજી કરેલ છે. તો આ કામના સામવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૩-૦૯-૨૦૨૪ ના રોજ બપોરના ૧૨:૩૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**બાબરા**

---

### દ્વિતીય વાર્ષિક પૂણ્યતિથીએ

## ભાવપૂર્ણ શ્રધ્ધાંજલી



**સ્વ.શૈલેષભાઇ જીલુભાઇ ધાધલ**
**સ્વ.તા.૧૧-૮-૨૦૨૨, ગુરૂવાર**

અંજલી આપતા શબ્દો ખુટે છે, પુષ્પાંજલી આપતા પુષ્પો ખુટે છે, રડતા રડતા અશ્રુઓ ખુટે છે, કુદરતના ખજાને ખોટ પડે છે ત્યારે માયાળુ માનવીના ખજાના લુટે છે.

લી.

જીલુભાઇ સુરગભાઇ ધાધલ (પિતાશ્રી)
કનુભાઇ સુરગભાઇ ધાધલ
વિજયભાઇ દેવાયતભાઇ ધાધલ
સંજયભાઇ દડુભાઇ ધાધલ
સત્યજીતભાઇ મયુરભાઇ ધાધલ (ભત્રીજા)
તથા સમગ્ર ધાધલ પરિવાર
જીથુડી (હાલ અમરેલી)

---




## શ્યામ આંખની હોસ્પિટલ

**ડો. કપિલ બી. વરૂ (M.S.)**
(આંખના સર્જન)
મોતીયા, ઝામર તથા પડદાના રોગના નિષ્ણાંત

૨૫૦૦૦ થી વધારે મોતીયા, ઝામર, વેલ તથા બાળકોના મોતીયાના ઓપરેશનના અનુભવી

**અહીં ઉપલબ્ધ સારવાર :**

- અતિ આધુનિક ફેકો મશીન પધ્ધતિથી ઇન્જેક્શન, ટાંકા તેમજ પટ્ટી વગર મોતિયાના ઓપરેશન
- ઓપરેશન પછી ફક્ત ૧૦ મીનીટમાં રજા તમામ પ્રકારના જટિલ મોતીયા તથા બાળકોના મોતિયાના ઓપરેશન
- તમામ પ્રકારના મોનોફોકલ, મલ્ટિફોકલ, ટોરિક જેવા પ્રિમિયમ નેત્રમણી (LENS) સાથેના ઓપરેશન
- વેલનું અતિ આધુનિક રીતે પ્લાસ્ટીક સર્જરી દ્વારા ટાંકા વગરનું ઓપરેશન
- અદ્યતન મશીન દ્વારા આંખના નંબરની તપાસ તથા પાંપણના ઓપરેશન
- કીકીને લગતા તમામ રોગોની સારવાર, ઝામર તેમજ ઝામર સાથે મોતિયાના ઓપરેશન
- ડાયાબિટીસ તેમજ બી.પી.ના દર્દીઓને આંખના પડદામાં થતા નુકશાનની સચોટ તપાસ તેમજ સારવાર
- ઇમ્પોર્ટેડ લેસર મશીનથી છારી ઉતારવાની સુવિધા

**-: સ્થળ :-**

**-: અમરેલી :-**
સફારી પ્લાઝા, બીજો માળ, એન્જલ સિનેમા સામે, માણેકપરા,
હોસ્પિટલ મો.૮૭૫૮૫ ૩૫૦૦૦

**-: રાજુલા :-**
શિવશક્તિ શોપિંગ સેન્ટર, બેંક ઓફ બરોડાની બાજુમાં, કોહીનુર હોટલની સામે, જાફરાબાદ રોડ,
હોસ્પિટલ મો.૭૪૩૪૮ ૦૮૦૦૦


---

## શ્રધ્ધાજલી - બેસણું (ગુર્જર સુથાર)



**સ્વ.કિશોરભાઇ**
**બટુકભાઇ આદ્રેજા (ઉ.વ.૫૨)**
**સ્વ.તા.૮-૮-૨૦૨૪, ગુરૂવાર**

સમય જીંદગીનો ઓછો હશે ક્યાં ખબર હતી, વિદાય આટલી અણધારી હશે. રડી પડે છે આંખો અમારી જોઇ તસ્વીર તમારી, નાની ઉમરે અણધારી વિદાય સર્વોના કાળજા કંપાવી ગઇ.

**સદગતનું બેસણું :-** તા.૧૨-૮-૨૦૨૪ ને સોમવાર
સમય : બપોરે ૩ થી ૬ કલાકે,
સ્થળ : ચત્રોલા સમાજ પ્લોટ વિસ્તાર, કેરીયાનાગસ.

લી.
કનુભાઇ બટુકભાઇ આદ્રેજા મો.૯૯૭૮૦ ૪૫૭૨૫ (મોટાભાઇ)
અરૂણભાઇ બટુકભાઇ આદ્રેજા (ભાઇ)
નિમેષભાઇ બટુકભાઇ આદ્રેજા (ભાઇ)
આદ્રેજા પરિવારના જયશ્રી કૃષ્ણ મુ.કેરીયાનાગસ, તા.જી.અમરેલી

---


## શું તમને સાંભળવાની તકલીફ છે ?



તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઇ શકે...

- કોઈપણ ઉમરના વ્યક્તિની બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય

કાનના મશીન



કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન

## અવતાર

સ્પીચ અને હિયરીંગ ક્લિનીક

ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, **અમરેલી.**
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮


---


## પવિત્ર શ્રાવણ માસમાં મેઘાવી માહોલમાં વાનગીઓ બનશે ચકાચક....



સોમનાથ બેસનનું
નવુ નજરાણુ
'' સોમનાથ બ્રાન્ડ બેસન''
વણેલા ગાંઠીયા, ફાફડા
તેમજ ખમણ માટે સ્પેશ્યલ

તેમજ અવધ બેસન
મારૂતિ બેસન
અવધ સ્પે. કરકરો

દરેક રીટેલર તથા હોલસેલર પાસે ઉપલબ્ધ

અમુલ બેસન તેમજ અમુલ કરકરો ૧-કિલો તેમજ ૫૦૦ ગ્રામ પેકીંગમાં ઉપલબ્ધ

**સોમનાથ બેસન ઇન્ડસ્ટ્રીઝ**

પ્લોટ નં.૮૨-૧, જી.આઇ.ડી.સી. અમરેલી
ફોન : ૨૪૦૧૧૧ / ૨૪૦૪૧૧ મો.૯૮૨૪૨ ૩૦૫૧૫


---

### પ્રકૃતિ એજ્યુકેશનલ એન્ડ વેલફેર ટ્રસ્ટ દ્વારા સંચાલિત



# શ્રવણ પ્રસાદ સેવા કેન્દ્ર



ગુરૂકૃપાનગર-૨, શેરી નં. ૧,બ્લોક નં. ૧૦૦-એ, ચિતલ રોડ, અમરેલી

જરૂરિયાતમંદ વ્યકિતઓને બંને ટાઇમનું ભોજન ઘરે પહોચાડતી અમરેલીની સેવાકીય સંસ્થા

**કિસીકી મુસ્કુરાહટો પે હો નિશાર કિસીકા દર્દ મીલ સકે તો લે ઉઠા કિસીકે વાસ્તે તેરે દિલ મેં હો પ્યાર જીના ઉસીકા નામ**

વૃધ્ધાવસ્થા એક એવી અવસ્થા છે જેમાં સંવેદનાનો સાથ જોઇએ વડીલોને બે ટકનો પેટનો ખાડો પુરાય એટલે તેમના ચહેરાની રેખાઓ બદલી જાય આવા વૃધ્ધ, અશક્ત, એકલા રહેતા હોય, હાથે કરી શકતા ન હોય તેવા વડીલોને બપોરે ૧૨૦ અને સાંજે ૧૦૦ જેટલા વડીલોને ટીફીન દ્વારા ભોજન પહોંચાડાય છે.

## શ્રવણ પ્રસાદ સેવા કેન્દ્ર અમરેલી તા.૦૧-૦૭-૨૦૨૪ થી તા.૩૧-૦૭-૨૦૨૪ સુધી ના દાતાશ્રીઓ ની યાદી

| રકમ | દાતાશ્રીનું નામ |
|---|---|
| ૨૫૦૦ | પિતાશ્રી હસમુખરાય બાટવીયાના જન્મદિન નિમિતે હ.રાહુલભાઇ બાટવીયા |
| ૧૦૦ | જગદીશચંદ્ર ગુણવંતરાય જોષી |
| ૫૧૦૦ | કાજલબેન રાજુભાઇ મહેતા હ.મુકેશભાઇ જાની સર્વ પિતૃ અમાસ નિમિતે |
| ૫૦૦ | જય નાગનાથ |
| ૫૦૦ | રામ ભરોસે |
| ૨૧૦૦ | વસંતભાઇ મોવલીયાના જન્મદિવસ નિમિતે |
| ૨૦૦ | મોહનભાઇ આર.જાદવ |
| ૧૦૦૦ | જગદીશચંદ્ર ગુણવંતરાય જોષી |
| ૧૦૦૦૦ | દિલીપભાઇ બી.શુકલા |
| ૮૧૧ | કે.ટી.માસ્તર (કે.પી.ટ્રેડર્સ) |
| ૫૧૦૦ | જગદીશચંદ્ર ગુણવંતરાય જોષી |
| ૧૧૦૦ | વિનાયકભાઇ ભોજક (માસિક હુંડી) |
| ૫૦૦ | કિશોરભાઇ જેઠવા (માસિક હુંડી) |
| ૭૫૦ | પ્રવિણભાઇ ગાલોલીયા (માસિક હુંડી) |
| ૩૦૦૦ | વિષ્ણુગીરી રસીકગીરી ગોસાઇ સ્વ.અંબાબેન શિવગીરી ગોસાઇની પુણ્યતિથી નિમિતે |
| ૫૦૦ | રોહિતભાઇ એચ.અગ્રાવત |
| ૧૧૧૧ | સ્વ.ઇન્દુબેન નવલકાંત પંડીયાની તિથી નિમિતે હ.મિહીરભાઇ પંડીયા |
| ૨૧૦૦ | જ્યોતિન્દ્ર હિંમતલાલ ત્રિવેદી એકાદશી નિમિતે |
| ૩૧૦૦ | રાજુભાઇ નગદીયા |
| ૫૦૦ | તરૂણભાઇ પંડયા |
| ૨૫૦૦ | સ્વ.ધીરૂભાઇ રવજીભાઇ સુખડીયા હ.મુકેશભાઇ ધીરૂભાઇ સુખડીયા |
| ૫૦૦ | ઓનલાઇન ડોનર |
| ૫૧૦૦ | મનહરલાલ ભાયલાલ શુકલા સ્વ.અ.સૌ. રૂક્ષ્મણીબેન મનહરલાલ શુકલાની |
| | પ્રથમ પુણ્યતિથી નિમિતે |
| ૧૦૦૦૦ | હર્ષાબેન દલપતરામ ભટ્ટ |
| ૧૦૦૦ | જગદીશચંદ્ર ગુણવંતરાય જોષી |
| ૧૦૦૦ | જગદીશચંદ્ર ગુણવંતરાય જોષી |
| ૫૧૦૦ | હિતેષભાઇ બાલાભાઇ માંજરીયા ગૌ.વા.પિતાશ્રી બાલાભાઇ નાજભાઇ |
| | માંજરીયાની પ્રથમ પુણ્યતિથી નિમિતે |
| ૫૧૦૦ | જગદીશચંદ્ર ગુણવંતરાય જોષી |
| ૨૧૦૦૦ | ક્રિયારાજ ફાઉન્ડેશન હ.સંજયભાઇ મહેતા શ્રીજી સ્ટીલ |
| ૫૧૦૦ | આરતીબેન જયેશભાઇ પારેખ મુંબઇ |
| ૧૧૦૦૦ | જયપ્રકાશભાઇ પારેખ |
| ૧૦૨૦૦ | હિમાંશુભાઇ જાની |
| ૧૧૨૦૦ | ઓનલાઇન ડોનર |

| રકમ | દાતાશ્રીનું નામ |
|---|---|
| ૫૦૦ | મુક્તાબેન બચુભાઇ રૂપારેલીયા (માસિક હુંડી) હ.જયાબેન મકવાણા |
| ૧૦૦૦ | મુકુંદરાય ગુણવંતરાય મહેતા (માસિક હુંડી) હ.શાંતાબેન રાઠોડ |
| ૧૦૦૦ | વર્ષાબેન મુકુંદરાય મહેતા (માસિક હુંડી) હ.જમનાદાસ ધોરડા |
| ૧૦૦૦ | સંજયભાઇ મુકુંદરાય મહેતા (માસિક હુંડી) હ.માલતીબેન ડિંગે |
| ૧૦૦૦ | ભાવનાબેન સંજયભાઇ મહેતા (માસિક હુંડી) હ.પુષ્પાબેન સેલાણી |
| ૧૦૦૦ | સાગરભાઇ સંજયભાઇ મહેતા (માસિક હુંડી) હ.કાંતાબેન પડસાલા |
| ૧૫૦૦ | ગૌ.વા.હર્ષદરાય જેઠાલાલ દેસાઇ (માસિક હુંડી) |
| ૫૦૦ | જેઠુભા ભગુભાઇ ચૌહાણ (માસિક હુંડી) |
| ૫૦૦ | ગૌ.વા.અશ્વિનભાઇ બી.પારેખ (માસિક હુંડી) હ.મીનાબેન |
| ૫૦૦ | ગૌ.વા.જસવંતરાય જગન્નાથભાઇ જાની (માસિક હુંડી) હ.મુકેશભાઇ જાની |
| ૧૫૦૦ | સ્વ.બકુલાબેન ગજેન્દ્રભાઇ ત્રિવેદી સ્વ.ગજેન્દ્રભાઇ એન.ત્રિવેદી |
| ૫૦૦ | શ્રી હીરાબા નલીનકાંત મહેતા (માસિક હુંડી) |
| ૩૦૦ | શ્રી રાધાબેન રવજીભાઇ રાઠોડ (માસિક હુંડી) |
| ૫૦૦ | શ્રી જીજ્ઞેશભાઇ જે.મોદી (માસિક હુંડી) |
| ૫૦૦ | શ્રી ભાર્ગવ જવેલર્સ મનહરભાઇ સોની (માસિક હુંડી) |
| ૧૦૦૦ | ભીખુભાઇ એન.અગ્રાવત (માસિક હુંડી) |
| ૫૦૦ | ગુણવંતરાય ડી.પંડયા (માસિક હુંડી) |
| ૫૦૦ | ગૌ.વા.બાબુભાઇ હીરજીભાઇ રાજા (માસિક હુંડી) |
| ૫૦૦ | ગૌ.વા.કુંદનબેન બાબુભાઇ રાજા (માસિક હુંડી) |
| ૧૦૦૦ | ભવનેશભાઇ પરીખ સરજુ જ્વેલર્સ (માસિક હુંડી) હ.કમળાબેન ધોબી |
| ૧૦૦૦ | માધવ ઘનશ્યામભાઇ પરીખ સરજુ જ્વેલર્સ (માસિક હુંડી) |
| ૧૦૦૦ | ધર્મેશકુમાર ગુણવંતરાય ગઢીયા (માસિક હુંડી) |
| ૫૦૦ | સ્વ.ભદ્રાબેન રસીકલાલ ચચ્ચા સાહીબા સાડી (માસિક હુંડી) |
| ૧૦૦૦ | નટુભાઇ જી.ઠક્કર તાતણીયાવાળા (માસિક હુંડી) |
| ૧૦૧ | જયકાંતભાઇ અધ્યારૂ અમરેલી (માસિક હુંડી) |
| ૫૦૧ | કંચનબેન દેવરાજભાઇ ભદ્રેશ્વરા |
| ૧૦૦૦ | સ્વ.ફુલચંદભાઇ ડાયાભાઇ પાંચશેરીયા (માસિક હુંડી) |
| ૧૦૦૦ | રતીગીરી ઇશ્વરગીરી ગોસાઇ (માસિક હુંડી) |
| ૫૦૦ | મહેન્દ્રભાઇ વૃજલાલ ગઢીયા |
| ૫૦૦ | અનિતાબેન મનસુખાણી |
| ૧૦૦૦ | ચોકસી બ્રધર્સ આભુષણ જવેલર્સ (માસિક હુંડી) |
| ૩૦૦ | દુર્ગાશંકર ગીરજાશંકર મહેતા (માસિક હુંડી) |
| ૫૦૦ | ભાવનાબેન રાજેશકુમાર લાખાણી |
| ૫૦૦ | કિરીટભાઇ મુળદાસજી દુધરેજીયા (માસિક હુંડી) |
| ૨૦૦ | નવીનભાઇ પ્રતાપભાઇ જોષી (માસિક હુંડી) |

**-:: વસ્તુ સ્વરૂપે ભેટ ::-**

જય જલારામ ફરસાણ તરફથી ૧.૫ કીલો સેવની સેવા - ભગવતી ફરસાણ તરફથી ૧.૫ કીલો સેવાની સેવા - અક્ષર ટ્રેડર્સ નીમક ૧ કટ્ટાની સેવા - દેવજીભાઇ માનસુરભાઇ માધડ તરફથી ખીચડીયા ચોખા ૧૫ કિલોની સેવા - કાંતીલાલ બચુભાઇ કામોઠીની ચોથી પુણ્યતિથી નિમિતે હ.સુનીલભાઇ કામોઠી લાડવા ૫ કિલો, ગાંઠીયા ૪ કિલોની સેવા - વિજયાબેન રમેશભાઇ નાંઢા તરફથી તેલ ૫ લીટર, જીરાસર ચોખા ૫ કિલો, તુવેર દાળ ૨ કિલો, ખાંડ ૨ કિલોની સેવા - જીતુભાઇ ગોળવાળા તરફથી ૧૦ કિલો ગોળની સેવા - રોમીલભાઇ જીજ્ઞેશભાઇ ઉનડકટ તરફથી ખીચડીયા ચોખા ૨૫ કિલોની સેવા - દિક્ષા કેમીકલ નયનભાઇ પટેલ તરફથી લીકવીડ ૧૦ લી., ફીનાઇલ ૧ બોટલ, એસીડ ૧ બોટલ - જગદીશભાઇ બાલાસ તરફથી ભાવનગરી ગાંઠીયા ૫ કિલો, બુંદી ૫ કિલોની સેવા - ગૌ.વા. જેરામભાઇ શામજીભાઇ ટાંકના સ્મરણાર્થે ગાંઠીયા ૫ કિલોની સેવા

**આ સંસ્થામાં વડીલ વંદનામા આપે આપેલુ દાન કલમ ૮૦ જી મુજબ કરમુક્ત છે**

| | | | |
|---|---|---|---|
| શ્રવણ પ્રસાદ સેવા કેન્દ્ર<br>ગુરૂકૃપાનગર, શેરી નં.-૧<br>મો.૯૪૦૮૯ ૪૭૪૩૪ | જય ખોડીયાર મોબાઇલ<br>રાજકમલ ચોક<br>મો.૯૯૧૩૯ ૯૯૯૧૯ | ભાટીયા પરમાણંદ ચાંપશી<br>હસુભાઇ સંપટ જૈન દેરાસર પાસે<br>જુની બજાર, ૦૨૭૯૨ - ૨૨૩૧૫૮ | પેન્ટર ડી.જી.મહેતા<br>માસિક હુંડી માટે<br>મો.૯૪૨૭૨ ૫૨૯૧૧ |

---


રજી.સે.શ.૩૬૭૫૨ | ॥ સત્યમેવ જયતે ॥ | ઓડીટ વર્ગ 'અ'

# અવધ નાગરીક શરાફી સહકારી મંડળી લી.

ગીરધરભાઇ શોપીંગ સેન્ટર, હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨)૨૨૭૨૯૯

## દર મહિને માસિક વ્યાજની સુવિધા પણ ઉપલબ્ધ

| ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર | ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૫ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૮% | ૬ | ૪ વર્ષ ઉપર | ૧૨.૫% |
| ૨ | ૯૧ દિવસથી ૧૮૦ દિવસ | ૯% | ૭ | ૬ વર્ષ ૬ માસ ઉપર (૭૮ માસ) | ડબલ |
| ૩ | ૧૮૧ દિવસથી ૧ વર્ષ સુધી | ૧૦% | ૮ | મંથલી બચત (૧૨ માસ) | ૧૧% |
| ૪ | ૧ વર્ષ ઉપરથી ૩ વર્ષ સુધી | ૧૨% | | | |

## આકર્ષક વ્યાજદરો

### સભાસદ માટે સર્વશ્રેષ્ઠ સુવિધા

- દર વર્ષે આકર્ષક ડીવીડન્ડ ■ ફીકસ ડીપોઝીટ ઉપર ૧૨.% નું આકર્ષક વ્યાજ
- દૈનિક બચતકારોને ૧૧% નું આકર્ષક વ્યાજ
- દરેક સભાસદોને જરૂરીયાત મુજબ વ્યકિતગત તેમજ મિલ્કત ઉપર લોનની સરળ સુવિધા
- ડો.ચિરાગ કુબાવત - નારી વુમન્સ - એન્ડોસ્કોપી સેન્ટરમાં પ્રસુતીમાં બીલ ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ પતિ અથવા પત્નીમાંથી કોઇપણ એક અવધ મંડળીના સભાસદ હોવા જરૂરી છે (પેકેજ વગર ડિસ્કાઉન્ટનો લાભ મળશે.)

### વિશ્વાસ તમારો અને મહેનત અમારી

## અવધ નાગરિક શરાફી સહકારી મંડળી લિ.

| | | |
|---|---|---|
| • બાયપાસ બ્રાન્ચ •<br>સિલ્વર શાઇન કોમ્પલેકસ,<br>રોયલ એમેઝોન સામે,<br>બાળહનુમાન મંદિર રોડ,<br>બાયપાસ રોડ, અમરેલી. | • બાબરા બ્રાન્ચ •<br>સહકાર ભવન, શિવાજી ચોક,<br>તાલુકા શાળા સામે,<br>મુ. બાબરા. જિ. અમરેલી.<br>ફોન : (૦૨૭૯૧)૨૩૩૨૯૯ | • ધારી બ્રાન્ચ •<br>રેલ્વે સ્ટેશન પાસે,<br>ધારી વિવિધ સેવા સ.મં.લી.સામે<br>મુ. ધારી. જિ. અમરેલી.<br>ફોન : (૦૨૭૯૭)૨૨૧૨૯૯ |

